

No Pages to Display





# ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય

પ્રકાશક ૧ વિક્રેતા

ગાંધી રસ્તા, અમદાવાદ.

૨૬૬

# પ્રસંગકથાઓ

## ભાગ : ત્રીજો

ધૂમકેતુ

[ ૧-૪-૦ ]
સવા રૂપિયો

પ્રકાશક

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગાંધી રસ્તો : અમદાવાદ.

૧૯૬૨

આવૃત્તિ પહેલી
૧૯૬૨

[સર્વ હક્ક અધીન]

: પ્રકાશક :
શંભુલાલ જગશીભાઈ શાહ : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગાંધી રસ્તો : અમદાવાદ

: મુદ્રક :
ગોવિંદલાલ જગશીભાઈ શાહ : શારદા મુદ્રણાલય
પાનકોર નાકા : અમદાવાદ

*

** સામાન્ય જનસમૂહને દૃષ્ટિમાં રાખીને, જે પુસ્તકો લખાયાં છે, તેમાં આ પુસ્તક યોગ્ય સ્થાન મેળવશે એવી આશા છે.

થોડું ભણેલા માટે, આમાં કેટલાક અનુભવો ને પ્રસંગો મૂક્યા છે. એનું વાચન રસદાયી ને ઉપયોગી નીવડશે.

જુલાઈ, ૧૯૬૨
કર્ણાવતી નિવાસ,
૨૩, સૌરાષ્ટ્ર સોસાયટી,
અમદાવાદ-૭

ધૂમકેતુ

# અનુક્રમ


૧ વિજ્ઞાનની એક બે વાતો ૩
૨ ચીનનો એક વિદ્વાન ૮
૩ એક પ્રસંગ કથા ૧૨
૪ ત્રણ દૃષ્ટાંત કથાઓ ૧૭
૫ 'મીઠાં વેણ કહેનારા બધા
મિત્રો હોતા નથી' ૨૧
૬ ઉંદરનું અભિમાન ! ૨૭
૭ કાંટાનું ઝાડ ! ૩૧
૮ કારીગરીની પરીક્ષા ૩૫
૯ ત્રણ પૂતળીઓ ૩૯
૧૦ રાજા માન્ધાતા ૫૦
૧૧ સહકારથી ગરીબી જાય ૬૨
૧૨ સહકારથી ગરીબી જાય ૬૯
૧૩ પાંચ પ્રસંગો ૭૩
૧૪ કૉન્ફ્યુશ્યસનો લોકસંપર્ક ૮૯
૧૫ હમેશની વાતો ૯૩

# પ્રસંગકથાઓ

[ભાગ ત્રીજો]

[ ૧ ]

# વિજ્ઞાનની એક બે વાતો

'બ્લડપ્રેશર' એટલે લોહીનું દબાણ. એ રોગ હવે તો બહુ સામાન્ય થઈ પડ્યો છે. એની વાત આવતાં જ માણસ ધ્રૂજી ઊઠે છે.

પણ 'બ્લડપ્રેશર' એ ખરી રીતે શરીરનું દર્દ નથી. એ મનનું દરદ છે. લોહી હૃદયમાં વહે છે. એ વહનમાં વાંધો આવ્યો, તો હૃદયના ધબકારા વધી જાય. આનું નામ લોહીનું દબાણ.

આને માટે લોહીના વહનમાં આવેલી હરકત ઉપરાંત, એક બીજું કારણ પણ છે. અને તે ચિંતા.

ચિંતાથી ઘેરાયેલો માણસ, વધુ પડતું કામ કરવા મથે છે. તેનાથી હૃદયને થાક આવે છે. એક દર્દીને આવો હૃદય-હુમલો લાગેલો. તેને ડૉકટરોએ એક નોટબુક

વાંચવા આપી. એ નોટબુકમાં એના પોતાના જીવન જેવા પ્રસંગો, એના વાંચવામાં આવતા, ત્યારે જોઈ શકાતું હતું કે, એની બ્લડપ્રેસ્યોરની સ્થિતિમાં પણ ફેર પડતો હતો. તે વખતે એ ઘણું વધી જતું હતું.

પણ કોઈની સારી વાત, એમાં એના વાંચવામાં આવતી, ત્યારે એની તબીયતમાં ફેરફાર થતો.

એ ઉપરથી લાગે છે કે, આ રોગ તન કરતાં મનનો વધારે છે. એ જે હો તે. પણ આટલી વાત યાદ રહે તો પણ ઘણું છે. રોગ હોવો, એ એક વાત છે. પણ એનો ભય મનમાં હોવો, એ તદ્દન જુદી જ વાત છે.


અને આ જુદી જ વાત ઘણી મહત્ત્વની છે.

વૈજ્ઞાનિકોએ સિદ્ધ કર્યું છે કે, માણસોની સાથે વસતાં પ્રાણીઓમાં, કેટલીક માણસની સમજ આવે છે. તેમ કેટલાક માણસના ગુણ પણ આવે છે.

એવી નોંધ છે કે, જે ઉંદરને દૂધ પીતાં હળવી દેવામાં આવે છે, તે ઉંદરનાં બચ્ચાંને એ જ વાતમાં હળવવામાં ઓછી તકલીફ પડે છે. તેમ જ એ બચ્ચાં વધારે સહેલાઈથી માણસ સાથે હળી જાય છે. આ જ

પ્રમાણે કૂતરાનું ભસવું, એ કેવળ ભસવું નથી. પણ એમની પોતાની તો એ ભાષા જ છે. એમના ભસવામાં પદ્ધતિ છે. અને કૂતરાં સામસામાં, એ પદ્ધતિ સમજતાં હોય છે.

એક માણસે એક કૂતરાની વાત લખી હતી કે એ પોતાના કૂતરાને નિયમ પ્રમાણે રોટલો આપતો. પણ એ છેલ્લા બે–ચાર દિવસ થયાં, રોટલો ખાવાને બદલે



દાટી દેતો. અને પછી કોણ જાણે ક્યારે, એ રોટલો ઉપા-

ડીને ક્યાંક દોડ્યો જતો.

આ પ્રમાણે એને બે-ચાર દિવસ દોડતો જોયો. એટલે પેલો માણસ એની પાછળ પાછળ ગયો.

તો પેલા કૂતરાએ એક અવાવરુ જેવા કૂવા ઉપર જઈને કાંઈક ભસવાનો અવાજ કર્યો. અને તરત જ અવાવરુ કૂવામાંથી, જવાબમાં હોય તેમ અવાજ આવ્યો.

પેલો માણસ તો નવાઈ પામી ગયો. જઈને જુએ છે, તો પોતાના પાળેલા કૂતરાએ રોટલો અંદર ફેંકી દીધો હતો. અને અંદરનો એક કૂતરો, એ રોટલો ખાઈ રહ્યો હતો!

આ અજાણ્યો કૂતરો, અચાનક આ અવાવરુ કૂવામાં પડી ગયો હોય, અને પછી બહાર નીકળવાનું ન મળતાં, એમાં જ પડ્યાં પડ્યાં, એણે પોતાની વાત કહેવા માંડી હતી.

એ વાત આ કૂતરાએ સાંભળી. અને એણે પોતાના ભાગનો રોટલો, આ અંદર પડેલા કૂતરાને જીવતો રાખવા માટે, હમેશાં આંહીં આવીને, અંદર નાંખી દેવાનો રિવાજ રાખ્યો. આ અવાવરુ કૂવામાં પડેલા કૂતરાને એ જીવતો રાખી રહ્યો હતો.

કૂતરાની આ માનવતા જોઈને, પેલા માણસને ઘણું લાગી આવ્યું. અને એણે પોતાના સાથીદારોની મદદ લઈને પેલા કૂતરાને અંદરથી કાઢયો.

૧૮૫૭ના બળવામાં કેદમાં સપડાયેલા એક માણસ-સની વાત છે કે, એની ભેંશ એને એટલી ચાહતી કે એ હમેશાં ત્યાં કેદખાના પાસે આવીને ઊભી રહેતી. ગમે તેમ એને કાઢી મૂકે, પણ એ આવ્યા વિના ન રહે. ને છેટે ઊભી ઊભી, કેદખાનાના સળિયાની પાછળના, પોતાના માલિકને જોયા કરે.

છેવટે તો એ માણસને બચાવવા માટે, બીજા સાથી-દારોએ ખોટી સાક્ષી આપીને એને ઉગારી લીધો હતો એવી વાત છે.

પ્રાણીઓની આવી સાચી વાતોનો સંગ્રહ સાદી ભાષામાં મુકાય, તો આપણા લોકો જે બળદિયા મરી જાય એટલો ભાર ભરે છે, એમને કાંઈક પ્રાણી તરફ દયા આવે.

જીવદયાના ફેલાવા માટે આવું પ્રાણી–સાહિત્ય, સાદી ભાષામાં બહાર મૂકવાનું જરૂરી છે.

[ ૨ ]

## ચીનનો એક વિદ્વાન

વિદ્વાન ચુ–આંગ–ઝે ગરીબ હતો. એ ચીનમાં થઈ ગયો. એ ગરીબ હતો, તેથી એક રાજકુમાર પાસે થોડા દાણા માગવા ગયો.

રાજકુમારની દોલત ગણી ગણાતી ન હતી. પણ રાજકુમારે એને જવાબ દીધો: 'હું ખેડૂતો પાસેથી દાણા ઉઘરાવી રહ્યો છું. એ આવે ત્યારે હું તમને આપું. તે પહેલાં તો હું ક્યાંથી આપું?'

પણ ચુ–આંગ–ઝે તો સ્પષ્ટ વક્તા હતો. તેણે જવાબ વાળ્યો. 'આ તમારી વાત છે, પેલા મુસાફર જેવી. જેણે ખોબા પાણી માગતી માછલીને કહ્યું હતું, કે હું પશ્ચિમ તરફ જઈ રહ્યો છું. અને ત્યાંથી પાણી આવે, એટલે તે ખોબા શું વીસ પચીસ ઘડા પાણી આપું! ત્યાં

સુધી તું રાહ જો...



'પણ પેલી માછલીને તો ખોબો પાણી, એ વખતે જ જોઈતું હતું, પોતાનું જીવન બચાવવા માટે. અને આ ભાઈ વાત કરતા હતા, પચીસ પચાસ ઘડા પાણી રેડી દેવાની, જ્યારે માછલીમાંથી જીવન ચાલ્યું જાય ત્યારે!

'મોટા માણસો એમ માનતા લાગે છે,' ચુ—આંગ-ઝેએ કહ્યું: 'કે મોટી વાતોથી, નાનાં માણસોનાં પેટ ભરાઈ જાય છે. તમે મને કાંઈ ન આપ્યું; તેનો મને

દંભ ધોખો નથી. પણ ગગનગામી વાતોથી મારું દુઃખ ભાંગી જશે, એમ માનીને, તમે જે ગગનગામી વાતો કરો છો—મને દુઃખ એનું છે. અને વધારે દુઃખ એ છે કે તમે સત્તાધીશ છો. કારણ કે આવી ગગનગામી વાતો જ્યારે કેવળ પોલી નીકળે છે, ત્યારે આશાના એક ઝીણા તંતુને આધારે રહેનારાં, સેંકડો માણસોનાં ગરીબ જીવનો રહ્યુંસહ્યું જાય છે. એ વાતનો તમને તમારી મોટાઈમાં ખ્યાલ પણ નથી. મને દુઃખ એનું છે, તમારી નાનું દુઃખ નથી.'

આ વિદ્વાન ચુ—આંગ—ઝેના, સેંકડો વર્ષો પહેલાં-ના શબ્દો, આજે જ્યારે આપણા મોટા માણસો પણ એવી મોટી વાતો કરે છે, ત્યારે આપણને કેટલા સાચા લાગે છે? સત્ય જૂનું થતું નથી, એ આનું નામ.

આ વિદ્વાન ચુ—આંગ—ઝે, મરણ પથારી ઉપર પડ્યો હતો. ત્યારે તેના શિષ્યોએ એની મરણક્રિયા કેમ ઊજવવી તેની ચર્ચા ઉપાડી હતી ચુ—આંગ—ઝેએ જવાબ વાળ્યો : 'ભાઈઓ! જો તમે મારી વાત સાચી સમજ્યા હો, તો તો એમ જ સમજો કે, ધરતી જેવી ધરતી, મારે સૂવા માટે હોય, ને આકાશ જેવું

ઓઢણું હોય, એનાથી વધારે ભવ્ય તમે શું કરી શકવાના હતા ?'

'હા, એટલું ખરું કે મારા મૃત્યુ વખતે તમારો એમ વિચાર હોય કે, કેમ સારું દેખાય, એવી ક્રિયા કરવી, તો હું તમને કહું છું કે કેમ સારું દેખાય એ વિચાર જ નિર્માલ્ય છે. કેમ સારું દેખાય, એ વિચાર છોડો. સાચું શું છે એનો વિચાર કરો. ઘણા મૂર્ખાઓ ને દોઢડાહ્યા રાજપુરુષો, હમેશાં આ જ વિચાર કર્યા કરે છે 'કેમ સારું દેખાશે ?' એ દેખાવમાં ને દેખાવમાં, એ પોતાને મળેલી જીવનની જનકલ્યાણ કરવાની મહાન તકો ગુમાવી દે છે.

'માણસ—જાત માટે શું વધારે પ્રેરણાદાયી હશે, તેનો જ તમે વિચાર કરો.

'માણસના શરીરને મરણ પછી ધરતીનાં જંતુડાં ખાઈ જાય, કે આકાશનાં પંખી સાફ કરી નાખે, એ વાતમાં કાંઈ બહુ તફાવત નથી.

'માટે તમે ભભકાની વાત છોડો. ધરતી એ મારી પથારી છે આકાશ મારું ઓઢણું છે. અને એ જ બરાબર છે.'

[ ૩ ]

# એક પ્રસંગકથા



૧૮૫૭ નો ધોમધોમ અગ્નિ ઝરતો બળવાનો સમય હતો. એ બળવો શમ્યા પછી એક વાત બની. જેમણે અંગ્રેજોને બચાવ્યા હતા—મદદ કરી હતી, તેમને માન અકરામ ઈનામ આપવા મંડયા.

એટલે તો ઘણાબધા એમ કહેનારા નીકળી પડયા કે અમે આમ કર્યું, ને અમે તેમ કર્યું.

પોતે મદદ કરી હતી, એવા બે-ચાર સાક્ષીઓ ઊભા કરીને, એવી રીતે કોઈ જમાદાર બની ગયા. કોઈ ફોજદાર થઈ ગયા. કોઈ ઇનામ મેળવી ગયા.

એ વખતે એક માણસે પોતાનો દાવો રજૂ કર્યો. પણ તેના કોઈ સામાવાળાએ એનો દાવો ખોટો ઠરાવી દીધો. ઠગવા માટે એને સજા થાત, પણ એ ભાગી ગયો. અને જેમ અનેક માણસો બાવા—સંન્યાસી—થઈ ગયા હતા, તેમ એ પણ બાવો—સંન્યાસી—થઈ ગયો. અને નર્મદાકિનારે આવીને વસ્યો.

ફરતો ફરતો એક દિવસ, એક બીજો સંન્યાસી ત્યાં આવ્યો. ચાંદની રાત હતી, નર્મદાજીનો કિનારો હતો. મોટા લાકડાની ધૂણી શિયાળાની ઠંડી ઉડાડતી ત્યાં ધખી રહી હતી. ને એક લોટામાં ઉકાળો થઈ રહ્યો હતો. બન્ને વાતોએ ચડયા હતા. વાત કરતાં કરતાં—૧૮૫૭ ના બળવાની વાતો થવા માંડી. બન્ને એમાં હતા ને એમાંથી ભાગ્યા હતા.

વાતવાતમાંથી આ નર્મદાકિનારે વસતા સંન્યાસીને

ખબર પડી ગઈ કે, આ આવનારો ભગવાધારી, બીજો કોઈ નથી, પણ પોતાનો સામાવાળો જ છે. જેણે જમાદારી ખોવરાવી, એ જ આ માણસ છે. એને ભાગવું પડ્યું હતું, તે આ સામાવાળાને લીધે.

પોતે બૈરાં છોકરાં બધાંને તજીને જાત બચાવવા માટે રાતોરાત ભાગ્યો હતો. એ તેને યાદ આવ્યું.

આ દુષ્ટના પ્રતાપે, પોતે રખડતો થઈ ગયો હતો, જમાદારી ખોઈ હતી. એને આંહી જોતાં એના મનમાં કાંઈનું કાંઈ થઈ ગયું.

પછી તો મોડી રાત્રે બન્ને સૂવા ગયા. પણ નર્મદા કિનારાવાળા સાધુને ઊંઘ આવે નહિ. એને એનું નાનું ઘર, બચ્ચાં બધું સાંભરે ને આ જ મેમાન થઈને આવનારા દુષ્ટે એ ખોવરાવ્યું હતું, તે રહી રહીને યાદ આવે!

એને મનમાં થઈ આવે કે, આનો ઉપાડીને નર્મદાના જળમાં પધરાવી દઉં કે જાય સીધો સમુદ્રમાં! એના મનમાં વેર લેવાના વિચાર આવ્યા કરે.

અંતે મોડી રાતે એ ઊઠયો. ગુપચુપ પગલે પેલા બીજા સંન્યાસી પાસે ગયો. ત્યાં એને આશ્ચર્ય થયું.

સંન્યાસીને ઉપાડી લીધો જળમાં પધરાવવા માટે, પણ એ જરાપણ છૂટવાની મથામણ જ કરતો ન હતો. એને થયું કે એ મરી ગયો કે છે શું ? એટલે એણે એને હલબલાવ્યો. પણ જેવો એને હલબલાવ્યો, એવો જ પેલો સંન્યાસી બોલ્યો: 'ભાઈ! તું જે કામે નીકળ્યો છે, તે બરાબર છે. તું તારું કામ પૂરું કર. મને નાહકનો શું કરવા જગાડે છે?'

'ત્યારે તો તું પણ વાત જાણતો લાગે છે. મને ઓળખતો લાગે છે. તો બોલ્યો કેમ નહિ?'

પેલાએ જવાબ વાળ્યો: 'એમાં બોલવાપણું શું હતું ? આ વાત ઉપર આટલાં વરસ થઈ ગયાં. બધાં રોળાઈ ટોળાઈ ગયાં. વાત ભુલાઈ પણ ગઈ, છતાં તારા મનમાં એ વાત હજી પણ પડી છે. તારા મનમાં ઝેર કેટલું હશે? એવા ડંખીલા મનને સારી વાત કહેવાથી શું વળવાનું હતું? પણ તું હવે તારું કામ પૂરું કરી લે. એટલે તારું મન ઝેરથી તો છૂટે! અને અમસ્તો પણ મારો વખત તો પૂરો થયો છે. એક વરસ આઘું પાછું જીવવાનું મળે એમાં શું થઈ જવાનું હતું ?'

આ સાંભળીને તો પેલા નર્મદાવાળા સંન્યાસીના

મનમાંથી વેરનો આનંદ ઊડી ગયો. તેણે તરત પેલા બીજા સંન્યાસીને છોડી દીધો.


પણ બીજો સંન્યાસી તો હજી એને કહી રહ્યો હતો : 'ભાઈ! તું મને છોડી દે તેથી હવે મને ખાસ આનંદ થતો નથી. વાંત ભૂલવામાં માનવતા છે, પણ માફી આપવામાં તો દેવત્વ વસે છે. તું આ વાત ભૂલ્યો ન હતો, માફી તો તું અત્યારે આપે છે, પણ તેથી તારી પશુતા, કોઈક વખત તને પસ્તાવો નહિ કરાવે, એવું કાંઈ બની જવાનું છે? તે દિવસે તને થશે, એને ફેંકી દીધો હોત! એટલે હું કહું છું કે મને ફેંકી દે તું ન્યાય મેળવે છે. આવાં નર્મદાનાં જળ છે. નાહકનો કાં મને છોડી દે?'

પણ પેલો સંન્યાસી હવે તો એવો ભોંઠો પડ્યો હતો કે તેણે એના પગ પકડીને માથું નમાવતાં કહ્યું : 'ભાઈ! તેં ભગવાં પહેરીને, બધું વેર ભૂલી જવાનું મોટું કામ સિદ્ધ કર્યું છે. તારી પેઠે હું પણ હવે રોળાઈ ટોળાઈ ગયેલી વાતો ભૂલી જાઉં, એવા તારા આશીર્વાદ મને દે!'

[૪]

# ત્રણ દૃષ્ટાંત કથાઓ

એક વખત એક માણસ જંગલમાં ફરવા ગયો. તેને જંગલનો શોખ હતો. જંગલમાં અનેક વૃક્ષો, પંખીઓ, ફૂલો, રંગો જોતો જોતો, એ ફરતો હતો. એવામાં એની દૃષ્ટિએ એક પંખી પડ્યું. અણે પોતે



આવું પંખી કોઈ દિવસ જોયું ન હતું. એટલું સશક્ત, મોટું અને ગતિવાન. એની પાંખો જોઈ હોય તો જાણે મોટા સઢ આંખો જોઈ હોય તો, મોટી ને તીક્ષ્ણ.

એ પંખી એટલા વેગથી જતું હતું કે, એમ જ લાગે કે જાણે પવન છૂટયો છે!

પણ નવાઈની વાત આ હતી. એવડું મોટું એ હતું, એવી તીક્ષ્ણ મોટી એની આંખો હતી, પવન જેવો વેગ હતો, છતાં જાણે એ કાંઈ સમજતું ન હોય, કાંઈ જાણતું ન હોય, કાંઈ જોતું ન હોય તેમ, જે આવે તેની સાથે ભટકાતું જતું હતું!

પેલો માણસ આ નવી નવાઈની વાતથી આશ્ચર્ય પામ્યો. એને થયું કે, આની પાંખો મોટી છતાં નબળી લાગે છે. આંખો મોટી છે, છતાં જોઈ શકતી લાગતી નથી. વેગ ઘણો છે, છતાં એ પોતાને આધીન નથી. એટલે એ મોટું છતાં જાણે નમાલું હોય, તેમ બધે જ ભટકાતું જાય છે!

હજી તો પેલો એ પંખીને એમ જુએ છે, ત્યાં એણે આઘે જોયું કે, જંગલમાં એક ઠેકાણે કોઈ એક નાનકડું પંખી, ઝાડની છાયામાં આરામ કરતું બેઠું છે.

અને આ મોટું પંખી, એના તરફ જ દોટ મૂકી રહ્યું છે.

જાણે એ એનું નિશાન હોય, એનું ધ્યેય હોય, અને એ જલદી મેળવી લેવાનો ભારે લોભ હોય, તેમ એના તરફ જ, એની સીધી ચોટ દેખાતી હતી. અને તેથી પોતાના લોભમાં ને લોભમાં એ જેની તેની સાથે ભટકાતું જતું હતું. પેલા માણસને પણ એણે ફોરો નહોતો મૂકયો. એને પણ એ ભટકાતું ગયું હતું.

અને થોડી વારમાં જ એણે પેલા વૃક્ષની છાયામાં બેઠેલા પેલા નાનકડા પંખી તરફ એને ધસારો કરતું જોયું.

પણ પેલું પંખી તો એની કાયા જોઈને, કયારનું ચેતી ગયું હતું. એટલે એ આવ્યું, તેવું જ એ તો પાસેના ઝાંખરા છોડવામાં ભરાઈ ગયું. આ લોભના માર્યા આંધળા બનેલા મોટા પંખીની, બધી જ ગતિ એણે નિરર્થક કરી નાખી.

પોતાના લોભમાં પોતે આંધળું ભીંત બનીને સૌ સાથે ભટકાતું એ ઊડયું હતું. પણ એ એનું ભટકાવું પણ એને જ ભારે પડી ગયું.

એ જોઈને પેલો માણસ હવે સમજયો કે, એ

મોટું પંખી કેમ આંધળું હતું. કેમ સમજતું ન હતું. કેમ વેગમાં દોટ મૂકતાં બધા સાથે ભટકાતું જતું હતું.

એ પોતાના આંધળા લોભમાં બધું ભૂલી ગયું હતું.

લોભે લક્ષણ જાય !

એ જોઈને મોટેથી હસતાં હસતાં જાણે પોતાને કહેતો હોય તેમ એ બોલ્યો : 'માણસો એક-બીજાને ભટકાઈને, એકબીજાને હઠાવવા ચાહે છે, લોભમાં. એકબીજાને નુકશાન કરે છે, તે પણ પોતાના લાભ અને લોભમાં.

અને એ મેળવી લેવાના લોભમાં, માણસો એક વાત હમેશાં ભૂલી જાય છે. માણસાઈ. આ પંખીનું પણ એવું થયું. પોતે પેલા નાનકડા પંખીનો આંધળો શિકાર કરવા જતાં, પોતાની જ જાતને હાનિ પહોંચાડતું હતું !

[ ૫ ]

## 'મીઠાં વેણ કહેનારા બધા મિત્રો હોતા નથી.'

જંગલના રાજા વનરાજની ઊંઘમાં વારંવાર ખલેલ પડવા માંડી, ત્યારે એણે વિચાર કર્યો કે આ ખલેલ પહોંચાડનાર ઉંદરને હવે તો એક પંજો મારીને પૂરો કરી નાખવો જોઈએ, જેથી એ વારંવાર ખલેલ કરતો બંધ થઈ જાય. પણ એ વિચાર આવતાંની સાથે જ, એને એક બીજો વિચાર પણ આવ્યો.

હું તો વનનો રાજા છું. સિંહ છું. અને આવા નિર્બળ સાથે લડવામાં નથી મારું ગૌરવ જળવાવાનું, કે નથી મારું કોઈ પરાક્રમ ગણાવાનું.

સિંહે ઊઠીને ઉંદરને માર્યો એવી વાત ચાલશે, તો એમાં મારી તો મશ્કરી થાશે! મારી મારીને ઉંદર માર્યો? વાહ રે! વનરાજ!

એટલે એણે વિચાર કર્યો કે, આવા નિર્બળ દુશ્મન

સામે, એના જેવા જ કોઈકને યોજવો, એ રાજનીતિ છે. એટલે એણે એક બિલાડીને વિશ્વાસમાં લીધી. એને કહ્યું, કે તને ખાવાપીવાનું મળશે. અને તારે કામ આટલું જ કરવાનું. આ ઉંદરડાને ફરકવા ન દેવો.

બિલાડીએ એ કબૂલ કર્યું. એને મનમાં એમ પણ અભિમાન આવ્યું કે, છેવટે વનરાજ જેવાને ઊઠીને, વિનતી તો મને કરવી પડી.

બિલાડી તો પછી વનરાજની પાસે બેસે ને એને દેખીને ઉંદરભાઈ હવે સિંહ પાસે ફરકે પણ નહિ.

વનરાજ તો નિરાંતે ઊંઘે. ઉંદરની ઉપાધિ એમને નડતી હતી તે બંધ થઈ ગઈ.

એક શિયાળ ત્યાં 'આંટાફેરા' મારે. એને વિચાર આવ્યો કે, આ બિલાડીબાઈ એમ માનતાં લાગે છે કે, વનરાજ જેવા વનરાજે, મને એના રક્ષણ માટેનું કામ સોંપ્યું છે, એટલે મારો ભાવ કાંઈ જેવો તેવો નથી. હું પણ કાંઈ કમ નથી. હું વનરાજની રક્ષક! બિલાડીબાઈનો રોફ વધી ગયો છે, માટે કાંઈક જુક્તિ કરીને એમને ઠેકાણે લાવવાં જોઈએ.

પહેલાં તો, આપણે આહીં આંટોફેરો કરી જાતા ને વનરાજ તો સૂતા હોય, ત્યાં એના શિકારના ટુકડા બુકડામાંથી આપણું ગાડું નભ્યે જતું હતું. પણ આ બિલાડીબાઈ આવ્યાં છે ત્યારથી આપણો રોટલો જ જાણે બંધ થઈ ગયો છે. તો હવે બિલાડીબાઈને વનરાજ કાઢી મૂકે, એવી કાંઈક જુક્તિ કરવી જોઈએ.

એટલે શિયાળે એક દિવસ બિલાડીબાઈને ચડાવ્યાં: 'અરે બિલાડીબાઈ! તમારા જેવાં આંહીં બેઠાં હોય, ને આ એક સફલું ઉંદરડું, હજી પણ અવારનવાર ડોકિયું કરી જાય, તો તો પછી થઈ રહ્યું નાં? એમાં તમારી આબરૂ શી? વનરાજ પણ મનમાં તો ધારતા હશે કે, આ બિલાડીબાઈમાં એક ઉંદરડું મારવાની પણ તાકાત નથી લાગતી!'

બિલાડીબાઈ તો શિયાળનાં આ વેણ સાંભળીને ચડયાં ગભારે. એમને થયું કે ઉંદરડાને તો હું આમ પકડીને પીંખી નાખું, એમાં શી મોટી મોથ મારવી'તી? આ શિયાળિયું એમ માનતું લાગે છે કે, આપણામાં ઉંદરડાને પણ મારવાની તાકાત નથી! તો એનો એ ભ્રમ ભાંગી નાખું.

એટલે એમણે તો બીજે દિવસથી જ, પોતાની બેસવાની જગ્યામાં ફેરફાર કર્યો. એવાં લપાઈને બેઠાં કે ઉંદરડાભાઈ ફરકે એટલી વાર! પણ તે દિવસે ઉંદરડાભાઈ ફરક્યા જ નહિ!

પણ બિલાડીબાઈની આ બધી ક્રિયા, ઝાડ ઉપર બેઠેલો, એક ડાહ્યો કાગડો નિહાળ્યા કરે!

કાગડાને થયું કે, આ બિલાડીબાઈ, શિયાળભાઈના વેણથી રંગમાં તો આવી ગયાં છે, પણ એ સમજતાં લાગતાં નથી કે, જો ઉંદરડાભાઈ મરી જાશે, તો એનો પોતાનો રોટલો પણ પછી ટળી જાશે!

એ આંહીં બેઠાં રહે છે, ને ઉંદરડાભાઈ ફરકી શકતાં નથી, એટલી જ વાત એમને માટે લાભની છે.

પણ પેલા શિયાળે પોતાના ભોજન માટે થઈને, આ બિલાડીબાઈને ચડાવ્યાં છે. ને જો બિલાડીબાઈ ઉંદરડાને મારી નાખશે, તો પછી વનરાજ, એને પાણીચું પરખાવી દેશે.

એટલે એણે ઝાડ ઉપર બેઠાં બેઠાં કહ્યું: 'બિલાડીબાઈ! એક વાત સમજો. બધાં મીઠાં વેણ કહેનારા,

મિત્રો હોતા નથી, ને બધાં કડવાં વેણ કહેનારા, દુશ્મનો હોતા નથી. મીઠાં વેણ કહીને તમને મૂરખ બનાવનારાઓનો દુનિયામાં ટોટો નથી. તમે ઉંદરભાઈને જ જો મારી નાખશો, તો તમે તમારા પગ ઉપર જ કુહાડો મારશો. એટલે એને જીવતો રહેવા દ્યો ને ફરકવા ન દ્યો, તો વનરાજ તમને પણ પાળ્યા કરશે.'

પણ બિલાડીબાઈએ તો કાગડાની આ ઉપદેશવાણી ઉપર હસ્યા કર્યું. એને થયું કે કાગડાભાઈ બોલ્યા કરે છે, એટલા માટે કે, એમની પેલી પૂરી શિયાળભાઈએ એક દિવસ પડાવી લીધી હતી. ત્યારથી એ શિયાળભાઈની વાતનો વિરોધ કરવામાં મજા લેતા લાગે છે.

એટલે બિલાડીબાઈએ તો, તક જોઈને પેલા બિચારા ઉંદરડાને પકડીને મારી ખાધો.

પછી તો ઉંદર ફરકે જ ક્યાંથી?

પણ આ પ્રમાણે ઉંદર હવે બિલકુલ દેખાતો નથી, એમ જ્યારે વનરાજે જાણ્યું, ત્યારે એણે બિલાડીબાઈને જ રજા આપી દીધી. એટલે બિચારાં બિલાડીબાઈ સુખનો રોટલો ગુમાવીને, પાછાં લપાવાનું ને છુપાવાનું

કામ કરવા માટે ચાલતાં થયાં.

એ વખતે કાગડાભાઈ એની પાછળ ઊડતા ઊડતા બોલી રહ્યા હતા. 'બિલાડીબાઈ! દરેક મીઠાં વેણ બોલનારો મિત્ર નથી, એટલું હવે આમાંથી શીખજો !'

[ ૬ ]

# ઉંદરનું અભિમાન !

એક વખત એવું બન્યું, એક રખડતા ઊંટની લગામ—દોરી, એક ઉંદરના મોંમાં આવી ગઈ. ઉંદરભાઈ તો એ દોરી મોંમાં આવતાં જ આગળ ચાલ્યા ને ટેવને લીધે પેલું ઊંટ, એની પાછળપાછળ ચાલ્યું. પણ ઉંદર-ભાઈનો રોફ ક્યાંય માતો નથી. એને એમ થાય છે કે આ ઊંટને હું જ હાંકી રહ્યો છું !

ઉંદરભાઈનો ગર્વ ક્યાંય માતો નથી !

પણ એ ગર્વિષ્ઠ વિચાર આવીને, જો એ વાત ત્યાં જ અટકી હોત, તો તો સારું હતું.

પણ ઉંદરભાઈ તો રહ્યા અટકચાળા. એટલે માંડ્યા ઘડીક આમ દોડવા, ઘડીક તેમ દોડવા અને ઊંટના મનમાં એ કોઈ રીતે ઠસાવવાનો પ્રયત્ન કરવા લાગ્યા કે હું જ તને દોરું છું !

ઊંટને પણ ઉંદરની આ બડાઈનો પરિચય મોડે મોડે મનમાં થયો. એણે વિચાર્યું કે, આ ઉંદરભાઈને પણ રંગ બતાવવા દો. એટલે એ સીધા, એક નદી તરફ જ ચાલતા રહ્યા. ઉંદર ભાઈ તો આગળ એને દોરતા જાય.

એવામાં નદી આવી. ઉંદરભાઈ હવે તો એવા તાનમાં આવી ગયેલા કે, પોતે ઉંદર છે એ જ ભૂલી ગયા! એમને થયું કે પોતે તો હાથી છે ને ઊંટને દોરી રહ્યા છે. એટલે નદી આવી, થોડું પાણી દેખાયું, પણ હવે પોતે ઊંટને દોરી રહ્યા છે, એ વાત કેમ છોડાય? વાત છોડે છે તો નાક જાય છે, નથી છોડતા, તો જીવ જાય છે. પણ એ તો ઉંદરભાઈ—વાત શેના છોડે? જરાક આગળ ચાલ્યા, પણ પાણી એમનું માન શેનું રાખે? એટલે ભાઈ લગામ દોરી છોડી દઈને ગુપચુપ એક તરફ ઊભા રહી ગયા. દોરવા જાય તો પાણીમાં પોતે જ ડૂબી જાય!

પણ ઊંટે વિચાર કર્યો હતો કે, આ ભાઈને રંગ તો પૂરેપૂરો દેખાડવો છે. એટલે એણે કહ્યું: ‘ અરે! તમે તો છો મારા રાજા! તમે મને દોરતા કેમ નથી?’

ઉંદરે કહ્યું: 'આ પાણીની મને બીક તો નથી લાગતી, પણ મને પાણી ગમતું જ નથી! વળી એ ઊંડું પણ લાગે છે!'

ઊંટે કહ્યું: 'અરે હું જોઈ દઉં તમને, કેટલું ઊંડું છે એ?'

એમ કહીને ઊંટે તો પાણીમાં પગ મૂકીને કહ્યું: 'અરે! આ તો માંડ મારા ગોઠણ સુધી છે. અને તમે મારા ઉપર જ આવી જાઓ ને! તમે તો રાજા છો!'

ઉંદરભાઈ તો ફૂલાણા. એટલે ઊંટ ઉપર ચડી બેઠા.

પણ જેવો ઊંટ પાણીમાં થોડે ગયો, ને તેના ગોઠણ સુધી પાણી આવ્યું, કે ઉંદરભાઈ ઉપર બેઠા ધ્રૂજવા માંડ્યા ને કોઈ રીતે એને પાણીની બહાર નીકળી જવાનું કહેવા લાગ્યા.

પણ ઊંટ કહે: 'હું બહાર તો નીકળું. પણ તું હવે એક વાત સમજી લે. તું છે ઉંદર. તારે દોડવાનું હોય ઉંદર સાથે. માટે હવે પછી ભવિષ્યમાં તું ઉંદર સાથે શરતમાં ઊતરજે. અમારા જેવા ઊંટ સાથે શરત કરીશ, તો આજ તો હું તને ઉગારી લઉં છું, પણ કોઈક

એવો મળશે, જે તને પાણીમાં ઝબકોળી દેશે !'



ઉંદરભાઈ ત્યારથી કાન પકડી ગયા. અને પોતે ઊંટને દોરે છે એ બોલતા બંધ થઈ ગયા.

[ ૭ ]

# કાંટાનું ઝાડ !

એક માણસે એક વખત રસ્તા વચ્ચે કાંટાનું ઝાડ વાવ્યું. બરાબર રસ્તાની વચ્ચે એ વાવ્યું, એટલે લોકોની હાલાકીનો તો પાર નહિ કેટલાક સારા માણસો એને કહેવા ગયા કે, ભાઈ! આ બરાબર નથી. રસ્તા વચ્ચે કાંઈ કાંટાનું ઝાડ વવાય? રસ્તો તો બધાનો કહેવાય.

પણ પેલો માણસ તો એ સાંભળીને જવાબ જ ન આપે ને એમ કહે કે, તમને ન ગમતું હોય તો તમે ખોદી કાઢો!

પણ બધાએ કહ્યું: 'વાવ્યું છે તેં માટે તારે જ ખોદી કાઢવું જોઈએ.'

પણ પેલા ભાઈ મોટેથી હા હા કહે. પણ ઝાડ ખોદે નહિ.

ઝાડ જેમ મોટું થતું ગયું તેમ તેમ એણે તો લોકોની ઠીક ઠીક ખબર લેવા માંડી. એ રસ્તે નીકળે તે લોહીલુહાણ થઈ જાય.

છેવટે દેશના સત્તાધીશે એને ફરમાવ્યું કે, ઝાડ ખોદી નાખ. વાવનાર તું છે. પેલાએ જવાબ વાળ્યો: 'ખોદી નાખીશ, પણ એક દિવસ.'

એમ એ વારંવાર વાયદા તો કરતો રહે, પણ ઝાડ ખોદે નહિ.

છેવટે સત્તાધીશે ખરેખરી તાકીદ કરી કે, હવે તો તું એ ખોદી જ નાખ. 'આવતી કાલે' એ જવાબ નહિ ચાલે.

હમેશાં એ ઝાડ તો વધારે મજબૂત થતું જાય છે. ને તારું ખોદનારું હથિયાર વધારે જૂનું થતું જાય છે. અને છેવટે તું એ ખોદશે નહિ.

આ ઝાડને તું તારી કોઈ કુટેવ જેવું સમજી લે. કુટેવને જો તત્કાલ દૂર ન કરી શકો તો પછી કોઈ દિવસ દૂર કરી જ નહિ શકો. અને છેવટે એ કુટેવ ભારે પડી જશે આ ઝાડ, છેવટે તારા જ પગને લોહીલુહાણ કરશે, માટે વહેલામાં વહેલી તકે તું

એ ખોદી નાખ. બીજો કોઈ નહિ ખોદે ન્યાય એ છે. તેં વાવ્યું છે. તું જ એ દૂર કર.

છેવટે પેલો કાંટાના ઝાડને વાવનારો, એ ઝાડને દૂર કરવા માટે એક દિવસ ગયો.

પણ ત્યારે કાંટાના ઝાડે એને શું કહ્યું? કાંટાના ઝાડે એને કહ્યું: 'તારે, માણસોને તારા ઘરથી દૂર રાખવાં હતાં ત્યારે તું મને વાવવા માટે આતુર હતો. બીજેથી ખોદીને પણ તેં મને આંહીં વાવ્યું. અને હવે જ્યારે તારું કામ પૂરું થયું, ત્યારે તું મને કાઢવા માટે આવ્યો છે. તો હું એમ સહેલાઈથી હવે નીકળી શકું એમ તું માને છે? હું તો તને પણ ભેગો ઉખેડીશ!'

'પણ મારી આ કુહાડી તેં જોઈ છે?' પેલા માણસે કહ્યું, 'એના ઘા પડશે, ત્યારે તને ખબર પડશે. એના કરતાં તું તારી મેળે જ નીકળી જા ને!'

કાંટાના ઝાડે જવાબ વાળ્યો: 'કાંટાનું ઝાડ વાવનારા બધા જ જાણે છે કે, એને વાવવું સહેલું છે, પણ કાઢવું મુશ્કેલ છે. એટલે તું મને કાઢી શકશે, તો પણ તને લાણમાં લીધા પછી જ હું તો હવે જઈશ!'

પેલો માણસ 'તને પણ મ્યાંઉ' જેવી આ વાત સાંભળતાં વિચારમાં પડી ગયો.

એણે કુહાડીનો ઘા તો પછી કર્યો પણ એની સાથે જ કાંટાના ઝાડે એના આંગળીઓને લોહીલુહાણ કરી મૂકી.

ઘડીભર એને પણ બેસી જવું પડ્યું.

બીજાને નુકશાન કરવા માટે એણે જે કર્યું હતું, એની લાગણ એને પણ મળી !

[૮]

# કારીગરીની પરીક્ષા

મધ્ય પ્રદેશનો એક કલાકાર હાથીદાંતમાંથી એવા તો સુંદર ચોખાના દાણા કોતરી કાઢે કે, કોઈ પણ માણસ એને ઓળખી શકે નહિ. સૌને એમજ થાય કે આ ચોખા જ છે.

એ વખતે ગાંધાર દેશ કલા કારીગરીમાં ઘણો આગળ હતો. ગાંધાર દેશ એટલે હાલનું અફઘાનિસ્તાન. કાબુલ–કંદહાર. કંદહાર એ ગાંધાર. પોતાની કલાનું માપ કાઢવા માટે ઘણા કારીગરો ભારતવર્ષમાંથી ત્યાં જતા.

એ પ્રમાણે આ મધ્યપ્રદેશનો કારીગર પણ પોતાની ગાંઠે ઠીક ઠીક ચોખાનો જથ્થો રાખીને ગાંધારમાં ગયો.

ત્યાં એ પોતાના એક ઓળખીતા મિત્રને ત્યાં ઊતર્યો.

હવે તે વખતે તો પ્રજામાં સ્ત્રીઓ પણ સારી રીતે સંસ્કારી હતી, એટલે આ કલાકારે પોતાની મિત્રપત્નીને ચોખા આપ્યા. અને એને કહ્યું કે મારે નિયમવ્રત છે, માટે આ મારા દેશના ચોખા તમે મને રાંધી આપજો ને જમવા બેસું ત્યારે એ પીરસજો.

મિત્રની પત્ની ઘણી ચતુર હતી. તે તરત વાતને સમજી ગઈ. પણ એ વખતે તો એણે મૂંગે મૂંગા ચોખા લઈ લીધા ને કહ્યું કે, સારું, એ પ્રમાણે કરીશ.

હવે પેલો મિત્ર ઘેર આવ્યો. પેલી ચતુર પત્નીએ, આ ઘર તદ્દન અણઘડ નથી, આંહીં પણ કલાકારી-ગરી ને સંસ્કારને સમજનારા છે એ દર્શાવવા માટે જુક્તિ કરવાનું ગોઠવ્યું. પોતાના પતિને બધી વાત કહી. અને આ ચોખા એણે રાંધવા માટે આપ્યા છે, તો શું કરવું છે? એમ પૂછ્યું. ચોખા છે હાથી-દાંતના!

પેલો મિત્ર વાતને સમજી ગયો. તેણે તેની પત્નીને કહ્યું: ‘એણે આ આપણી અને આપણી મારફત ગાંધાર દેશની પરીક્ષા લેવા માટે આ કર્યું છે, તો આપણે પણ એની પરીક્ષા લેવી. આપણે એને કહો કે, આ ચોખા

રાંધવા માટે, તદ્દન તાજું પાણી હોય તો, એનો સ્વાદ ઓર આવશે. માટે તમે પાસે જ જલાશય છે, આપણા ફળીમાં, તેમાંથી જ, તદ્દન ચોખ્ખું પાણી લઈ આવો! આપણું જલાશય એની પરીક્ષા કરશે. આપણું જલાશય છે સમજવા જેવું!

પેલો કારીગર તો એ જલાશયમાંથી પાણી લેવા માટે ગયો.

પણ વાત એવી હતી કે, આ ગાંધાર દેશના કારીગરે પોતાને આંગણે આ જલાશયનું રંગચિત્ર જ માત્ર ખડું કર્યું હતું. ત્યાં જલાશય પણ ન હતું ને પાણી પણ ન હતું. અને એ જલાશય પાસે જ પાણીને અડીને પડ્યો હોય તેવો, એક મરેલ કૂતરો પણ, એણે ચિત્રમાં રજૂ કર્યો હતો.

એને ત્યાં કોઈ કલાકારીગરીવાળો આવે, ત્યારે આ જલાશય દ્વારા એની એ પરીક્ષા કરી લેતો.

એ પ્રમાણે આ હાથીદાંતમાંથી અદ્ભુત ચોખાના દાણા સરજનારને પણ, એણે એ જલાશય તરફ પાણી લેવા માટે મોકલ્યો.

પણ આ કારીગર જેવો પાણી લેવા જાય છે, ત્યાં તેણે પેલા મરેલ કૂતરાને ત્યાં પડેલ દીઠો.

એટલે એણે તો જલદી જલદી, પાણી લેવા માટે બીજી દિશા તરફ પગ માંડયા

પણ ત્યાં આઘે જઈને જેવો એ વાસણમાં પાણી ભરવા ગયો કે, જમીન સાથેના, વાસણના ઘસારાના અવાજે એને જગાડી દીધો.

એને થઈ ગયું, 'આ હા! મને આંટી દેનારા આંહીં પડ્યા છે! આંહીં જલાશય જ નથી!'

એ વાસણ ભર્યાં વિના ઘેર પાછો આવ્યો ત્યાં પેલા મિત્રની પત્નીએ હસતાં હસતાં જ કહ્યું: 'તમે પાણી ન લાવ્યા, ને આ ચોખા એ પાણી વિના ક્યાંથી ચડશે?'

મિત્ર, એ સાંભળીને હસી પડ્યો. અને પેલો કારીગર પણ વાત સમજી ગયો

[૯]

# ત્રણ પૂતળીઓ

એક વખત ઉજ્જેન નગરીમાં એક કારીગર આવ્યો. એ પોતાની સાથે ત્રણ પૂતળીઓ બનાવીને લાવ્યો હતો. આ ત્રણે પૂતળીએ એણે ભરબજારમાં વેચવા માટે મૂકી. પૂતળીઓ એવી તો સુંદર કે જે જુએ તે બે ઘડી ત્યાં ઊભો જ રહી જાય. પણ દેખાવે, રૂપે, રંગે, ચહેરે મોરે, આકારમાં, માપમાં બધી રીતે ત્રણે પૂતળીઓ એક સરખી લાગે. એક રૂંવાડાનો ફેર ન મળે. ભલે જોનારો જોયા કરે.

એક પૂતળીથી બીજી પૂતળી કોઈ રીતે જુદી પડે જ નહિ. જરા પણ ફેર ક્યાંય દેખાય નહિ. માણસ ગમે તેમ જુએ ને ગમે ત્યાંથી જુએ, ત્રણે સરખી જ લાગે!

પણ તે છતાં નવાઈની વાત આ હતી કે, કોઈ

આવીને કારીગરને પૂતળીની કિંમત પૂછે, તો કારીગર એની દરેકની જુદી જુદી કિંમત બતાવે.

એકના એક હજાર બતાવે. બીજીના બે હજાર બતાવે. તો ત્રીજીના ત્રણ હજાર કહે.

માણસો તો આ સાંભળીને નવાઈ પામી જાય. બધી રીતે ત્રણે પૂતળીઓ એક સરખી છે, અને છતાં કિંમતમાં ફેર કેમ ? અને તે પણ આટલો બધો ? એનું કારણ શું ?

કારીગરને પૂછે છે, તો કારીગર એક જ જવાબ આપે છે: ' ત્રણે પૂતળીઓ એક જ કારીગરે બનાવી છે. એક જ જાતનો માલ એમાં વાપર્યો છે. એક જ જાતની કલા–કુશળતા એ દેખાડે છે. પણ ત્રણે પૂતળીઓ એક વાતમાં માત્ર જુદી પડે છે. અને એ જુદાઈને લીધે જ, ત્રણેની કિંમતમાં પણ ફેર છે ! '

' પણ કઈ વાતમાં જુદી પડે છે ? દેખાવમાં તો ક્યાંય એક રૂંવાડાંનો પણ ફેર દેખાતો નથી ! '

કારીગર જવાબ વાળે છે : ' તમને ફેર ન લાગતો હોય તો, તમને ગમે તે પસંદ કરી લ્યો ! બાકી કિંમત

ત્રણેની જુદી જુદી છે. દરેક પૂતળી માણુસને જુદો જુદો સંદેશો આપે છે. કિંમત એ સંદેશાની છે. કિંમત એ સત્યની છે!'

'પણ શું સંદેશો આપે છે દરેક?'

'એ મારે કહેવાનું ન હોય. એ તો તમારે શોધી લેવાનું છે. હું તો તમે કહો તે પૂતળી આપું. એની જે કિંમત થાય, તે તમારે આપવાની!'

ઉજ્જેન જેવી નગરીમાં, ભર બજારે, આ ત્રણે પૂતળીઓ વેચાય છે, ને એ ત્રણેની વાત ચર્ચાય છે.

પણ કોઈ કલાકારીગરીવાળો નગરીમાં આવે, ને એની કદર થયા વિના, જો એ નગરીમાંથી ચાલ્યો જાય, તો તો પછી એ નગરીમાં રહ્યું શું? નગરીમાં કેવળ જાડા જાડા રૂના ધોકડા જેવા શ્રીમંતો ફરતા હોય ને મોટા ઘોઘરા સાદે એકબીજાની સાથે વેપલાની વાતો કૂટતા હોય, એમાં કાંઈ નગરીની આબરૂ કહેવાય? નગરીની આબરૂ તો રહી છે, એની કલા–કારીગરીમાં. એના વિદ્વાનોમાં. એના ચતુર વિવેકી નાગરિકોમાં. એના સાધુ સંત ભજનિકોમાં. એના દીર્ઘદૃષ્ટિવાળા રાજ-પુરુષોમાં. નગરીની માન મુકાવે એવી સુંદરીઓમાં.

નગરીની આબરૂ તો એમાં રહી છે.

એટલે આ ત્રણ પૂતળીઓની વાત નગરીમાં ચર્ચાવા માંડી. અને ઠેકાણે ઠેકાણેથી માણસો આ નવી નવાઈના કારીગરને, અને એની કારીગરીને જોવા માટે આવવા માંડ્યા.

પણ કોઈ આ ત્રણે પૂતળીઓનો ભેદ કહી શકતો નથી. કે ભેદ ક્યાં છે એ કળી શકતો નથી. ત્રણે એક સરખી છે.

એ વખતે ઉજ્જેન નગરીમાં રાજા વીર વિક્રમ રાજ કરે. વાત ચાલતી ચાલતી, રાજા વીર વિક્રમને કાને આવી. રાજા વીર વિક્રમને થયું કે, આ તો આ કારીગરે આવીને, નગરીમાં કેવાક જાણવાવાળા છે, એનું માપ કાઢવાનો, નુસ્ખો ગોઠવ્યો લાગે છે. એટલે પૂતળીઓનો ભેદ ન કળી શકાય, તો તો નગરી-ની આબરૂ જાય. ઠેર ઠેર વાત ચાલે કે, ઉજ્જેન નગરીમાં પાણા ઘડવાવાળા પાર વિનાના છે, બાકી કોઈ કલા-કારીગરીના જાણકાર નથી. આમ વાત ચાલે. આ તો નગરીની આબરૂ જાય.

એટલે રાજા વીર વિક્રમ પોતે, આ પૂતળીઓનો

ભેદ જોવા માટે બજારમાં આવ્યા. આવીને ત્યાં ઊભા ને જોયું તો વાત સાચી હતી. ત્રણે પૂતળીઓ એક સરખી લાગે. એક રૂંવાડાનો ફેર ક્યાંય દેખાય નહિ ને કારીગર ત્રણેની કિંમત જુદી જુદી બતાવે.

રાજા વીર વિક્રમ ત્યાં આવ્યા છે, એટલે માણસો તો ક્યાંય માતાં નથી. પણ એમાંથી કોઈ કારીગરીનો ભેદ બતાવી શકતો નથી.

એવામાં એક કારીગર ત્યાં આવી ચડ્યો. એ સાચેસાચો કલા કારીગરીનો જાણકાર હતો. બધાની સાથે એ પણ આવીને પૂતળીઓને જોઈ રહ્યો. એ જમાનો તો એવો કે, નગરીની આબરૂને, દરેક માણસ પોતાની આબરૂ માને. એટલે આ કારીગર ઝીણી દૃષ્ટિથી ત્રણે પૂતળીઓને જોવા માંડ્યો.

જોતાં જોતાં એને લાગ્યું કે, પૂતળીઓ એક સરખી દેખાય છે, પણ એના દરેકના કાનમાં જરાક તફાવત છે. અને એમાં જ, આ પૂતળીઓની કિંમતના ફેરનો ભેદ રહ્યો છે.

એક વિદેશનો કારીગર આવે, ને નગરીમાંથી એની કારીગરીનો જાણકાર માંડ માંડ કોક નીકળે

એવી વાત ચર્ચાય એ ઠીક નહિ. એટલે રાજા વીર વિક્રમે બધાં સાંભળે તેમ મોટેથી જાહેર કર્યું: 'આ પૂતળીઓનો જે કોઈ ભેદ બતાવે, તેને આ સોનાનો હાર ભેટ મળશે. જે કોઈ જાણતા હોય, તે આગળ આવે!'

એ વાત સાંભળતાં તરત જ, પેલો કારીગર આગળ આવ્યો. તેણે સૌ સાંભળે તેમ મોટેથી કહ્યું: 'આ પૂતળીઓનો ભેદ તો કાંઈ નથી. આનાથી પણ વધારે ભેદ–રહસ્ય–બતાવનારી પૂતળીઓ કરનારા, આ નગરીમાં પડ્યા છે!'

પણ પેલો કારીગર, જે પૂતળીઓ લાવ્યો હતો, તે આ સાંભળીને, જરાક લેવાઈ ગયો. એને થયું કે કોઈ સાચો કલા-કારીગરીનો જાણકાર આવ્યો લાગે છે.

અને એટલામાં તો લોકટોળામાંથી ઉજ્જૈનનો કારીગર પૂતળીઓની વધુ નજીક આવ્યો. અને વધારે બારિકાઈથી એમને જોવા લાગ્યો.

પછી એ મોટેથી બોલ્યો: 'આ પૂતળીઓના કારીગરને ધન્યવાદ છે. એણે આ પૂતળીઓમાં માણસ-નાં જીવનની ત્રણ વાતો મૂકી છે. કઈ કઈ ત્રણ વાતો

મૂકી છે, એ હવે હું બતાવું છું!'

એટલું બોલીને એણે એક જણાને પાણી લાવ-વાનું કહ્યું.



જેવું પાણી આવ્યું કે તેણે તરત એક પૂતળીની પાસે જઈને, એના કાનમાં પાણી રેડ્યું. પાણી

રેડતાંની સાથે જ પૂતળીના બીજા કાનમાંથી એ પાણી નીકળી ગયું. બધા લોકો આશ્ચર્યચકિત થઈને જોઈ જ રહ્યા. પછી એ બીજી પૂતળી પાસે ગયો. તેના કાનમાં પાણી રેડયું. એ પાણી તરત પૂતળીના મોંમાંથી બહાર નીકળી ગયું.

પૂતળીપૂતળીના આ ભેદને બધા નવાઈ પામીને જોઈ રહ્યા.

ઉજ્જેનનો કારીગર તો ત્રીજી પૂતળી પાસે ગયો અને મોટેથી બોલ્યો: 'જુઓ ભાઈઓ! આ સૌથી વધુ કિંમતની પૂતળી છે. કારણ કે જીવનમાં ખરી સમજવા જેવી વાત એ કહી જાય છે.'

એમ કહીને એણે ત્રીજી પૂતળીના કાનમાં પણ પાણી રેડયું. પણ એ પાણી કયાં ગયું. પેટમાં જ સમાઈ ગયું કે શું થયું, તેનો કાંઈ પત્તો કોઇને લાગ્યો નહિ.

ઉજ્જેનના કારીગરે, આ ત્રણે પૂતળીઓના ત્રણ ભેદ બતાવ્યા. અને લોકો ખરેખર નવાઈ પામી ગયા.

કારીગરને સોનાનો હાર આપવા માટે રાજા વિક્રમ પોતે આગળ આવતા હતા, ત્યાં જ એ કારીગરે કહ્યું:

'પણ મહારાજ! આ પૂતળીઓ મારફત જીવનનો જે સંદેશો આ કારીગરે મૂક્યો છે, એ સંદેશો જેવો તેવો મૂલ્યવાન નથી. આ પૂતળીઓને જુદી જુદી લઈ જનારો કાંઈ જ મેળવતો નથી. એની ખરી કિંમત એ ત્રણે પૂતળીઓને એક સાથે રાખવામાં રહી છે. પહેલી પૂતળી કહે છે કે, જીવનમાં કડવી વાત કહેનારા મળે, અન્યાય આપનારા પણ મળે, તો આ કાને સાંભળવું ને આ કાને કાઢી નાંખવું! જીવન તો જીરવાશે!

બીજી પૂતળી કહે છે, ના, એમ જીવન નહિ જીરવાય. આ કાને સાંભળો, ને આ કાને કાઢી નાખો, તોપણ, એનો થોડો ઘણો રંજ મનમાં તો રહી જ જાશે. ને કોઈક વખત મનમાં બેસી ગયેલો એ ડાઘ, તમે ન સમજો તેમ; તમને નીચે ગબડાવી દેશે. એ વખતે જીવનમાં ડાહ્યા ડમરા લાગતા તમે, ન કરવાનું કરી બેસશો. કારણ કે અન્યાય આ કાને સાંભળ્યો, ને આ કાને કાઢી તો નાંખ્યો, પણ એની દેખાય નહિ તેવી અસર તો તમારામાં રહી ગઈ. માટે, કોઈનાં કડવાં વેણ સાંભળો, ને અન્યાય થયો છે એવું લાગે ત્યારે તમે પણ તમારી વાત બોલો. એટલે મનમાં છાનો ડાઘ ન રહે, કે કોઈ તો

તરફ મનમાં છાનું વેર ન રહે. જીવન તો જીરવાશે.

પણ ત્રીજી પૂતળી કહે છે, ના, તમારી બન્નેની વાત સાચા જીવન માટે ઉપયોગી નથી. દુનિયામાં ભાતભાતના લોક છે. તમને કડવું કહેનારા મળશે. તમને અન્યાય આપનારા મળશે. તમારી વાતની મશ્કરી કરનારા પણ નીકળશે. તમને લાગશે કે તમે લોક માટે આટલું કરી રહ્યા છો, છતાં કોઈ કદર કરનારા નથી. પણ જો જીવન સાચી રીતે જીવવું હોય, સુંદર રીતે જીવવું હોય, તો મારી વાત કાને ધરો. આ બધું જ પેટમાં ઊતારી જાઓ. જાણે એમાંનું કાંઈ છે જ નહિ. ને તમે તમારું કામ કર્યા કરો. જીવન તો જીરવાશે. જીવન, સાચું જીવન, તો જીવાશે.

આ ત્રીજી પૂતળીની વાત સૌથી વધારે કિંમતી છે. ને એટલા માટે એની સૌથી વધારે કિંમત છે.'

કારીગરે આ ત્રણે પૂતળીઓની ભેદ–વાત પૂરી કરી ન કરી, ત્યાં તો, એક શ્રીમંત, લોક ટોળામાંથી બહાર આવ્યો અને એણે એ ત્રણે પૂતળીઓની કિંમત ચૂકવી દીધી ને પોતે પૂતળીઓ વેચાતી લઈ લીધી. એ દરેકની નીચે એણે લખાવ્યું:

'કડવું સાંભળો તો બીજે કાને કાઢી નાંખો, એ વાત સારી છે.'

'કડવું સાંભળો ને તમારી વાત નમ્રતાથી રજૂ કરો, એ વાત વધારે સારી છે.

'પણ કડવું સાંભળો એને પેટમાં સમાવી દો, એ વાત સૌથી વધારે સારી છે, સૌથી વધારે સાચી છે.

[૧૦]

## રાજા માન્ધાતા

એક જૂની પુરાણકથામાં ‘સુખ ક્યાં છે?’ એ વાતનું એક સુંદર ઉદાહરણ આપેલું છે. એનું વાચન આજ પણ માણસને વિચાર કરતાં શીખવે તેવું છે.

રાજા માન્ધાતાને ત્યાં અપાર સમૃદ્ધિ હતી. એટલી બધી કે એને પોતાને પણ એ સમૃદ્ધિનો કંટાળો છૂટતો હતો. એટલે એને થયું કે આટલી સંમૃદ્ધિ છતાં મને મનમાં શાંતિ નથી, માટે જ્યાં શાંતિ હોય ત્યાં મારે જવું. અને આ સમૃદ્ધિ ભલે સમૃદ્ધિને ઠેકાણે પડી.

એટલે રાજા માન્ધાતા દેવોના સ્વામીને મળવા ગયા. દેવોના સ્વામીનું નામ દિવૌકસ. દેવો સુખી છે એમ રાજા માન્ધાતાની માન્યતા. એટલે એ એને

સુખનો રસ્તો બતાવશે, એમ માનીને, રાજા માન્ધાતા દેવોના સ્વામી દિવૌકસ પાસે ગયો.

પણ રાજા માન્ધાતાના મનમાં ઊંડે ઊંડે તો એક વાત ઘર કરી રહી હતી. એમને કાંઈ એવી કોઈ જ્ઞાન વાત મળી ન હતી કે, સુખ અને શાંતિ એ મનમાં રહે છે. એટલે એ તો એમ માનતા હતા કે પોતાની સમૃદ્ધિ છે, એના કરતાં વધારે સમૃદ્ધિ ક્યાંક જડી જાય તો એમના મનમાં શાંતિ થઈ જાય !

આમ માનીને એ દિવૌકસ પાસે ગયા. કોઈ વધારે સમૃદ્ધિવાળો દેશ એમની જાણમાં હોય તો એ વાત જાણવા.

દિવૌકસ સમજી ગયા. આની પાસે જ્ઞાનવાત કરવી હમણાં નકામી છે. પહેલવહેલાં આને સમૃદ્ધિની પાછળ ઠીક દોટ મૂકી લેવા દો !

એટલે દિવૌકસે કહ્યું કે, આંહીંથી ચારસો કોશ દૂર એક દેશ છે. એની સમૃદ્ધિ એટલી બધી છે કે તમારું મન ધરાઈ જશે. તમને શાંતિ થઈ જશે.

એ દેશની એક બીજી વાત પણ તમને શાંતિસુખ આપશે. ત્યાં એક જ ઋતુ છે. વસંત ઋતુ. જ્યારે

જુઓ ત્યારે ત્યાં ફૂલોના ઢગલે ઢગલા દેખાય. નહિ ત્યાં ઠંડી, નહિ ગરમી. કેવળ વસંત ઋતુ એકલી. ત્યાં તમને શાંતિ મળશે!'

રાજા માન્ધાતા તો એ દેશમાં ગયો. સોનેરી રથમાં પોતે બેઠો. સાથે સૈન્ય લીધું. પોતે ઘણો બળવાન. દેશ એણે જીતી લીધો. પોતે ત્યાં રાજા થઈ ગયો.

થોડાં વર્ષો તો રાજા માન્ધાતાને, આ નવા દેશમાં બહુ જ મજા પડી. ધરતીમાં બારે માસ ત્યાં વસંત ઋતુ જોવા મળે. હવામાં ચોવીશે ઘડી સુગંધ વહેતી હોય, રાત્રે પણ અંધારાનું નામનિશાન નહિ. રાત્રે જ્યારે જુઓ ત્યારે, ચાંદની ખીલી જ હોય!

પણ...પણ... આ તો હમેશની વાત થઈ પડી. એટલે રાજાને આ વસંત ઋતુ, આ નિત્યની ચાંદની, હમેશ વહેતી સુગંધી હવા, એમનો પણ કંટાળો છૂટયો! કાંઈ વિવિધતા જ મળે નહિ. કાંઈ નવું જોવાનું નહિ.

એટલે રાજા તો ફરીને દિવૌકસને મળવા ગયો. એને કહ્યું: 'તમે જે દેશ બતાવ્યો, એ છે તો બહુ સરસ પણ હમેશનું હમેશ એનું એ! ચાંદનીનોય હવે તો કંટાળો આવે છે!'

દિવૌકસ મનમાં હસ્યો. પણ એ સમજી ગયો. રાજા હજી સમજયો નથી. કંટાળો, મનમાંથી આવે છે, વસ્તુમાંથી નહિ, એ વાત એના દિલમાં ઊગી નથી. અને એ એને કહેવી એનો કાંઈ અર્થ નથી. જ્ઞાન વાત મનમાંથી ઊગવી જોઈએ! એટલે દિવૌકસે કહ્યું: 'એક બીજી ધરતી આંહીંથી બસો કોશ દૂર છે. ત્યાં તમારું મન શાંતિ પામશે. ત્યાં તમારું મન, તમે કહો છો તેમ ધરાઈ જશે.'

રાજાને તો પોતાના સૈન્યબળમાં શ્રદ્ધા હતી. પોતાના વિજયમાં શ્રદ્ધા હતી. એ તો વળી જે ઊપડયો તે, બસો કોશ દૂરના પ્રદેશમાં પહોંચ્યો. એ પ્રદેશને પણ વશ કરતાં એને વાર લાગી નહિ. રાજાને આ પ્રદેશની મોહિની લાગી. આંહીં તો એક દિવસમાં ત્રણે ત્રણ ઋતુઓ જોવા મળે. એટલે કોઈ એક ઋતુનો કંટાળો જ ન આવે. ચાંદની પણ બારે માસ રહે, અને ચાંદની ખીલે તેમ તેમ સુગંધ પણ વધતી જાય! એટલે નવી નવી હવા મળે!

ધરતીમાંથી બારે મહિના ધાર્યાં ફળફળાદિ મળે. એક ઋતુનાં ફળ બીજી ઋતુમાં ન મળે, એવી વાત જ

આંહીં નહિ !



રાજા માન્ધાતા અને દિવૌકસ

આ ધરતીએ તો રાજાને મોહિની લગાડી. એને પણ થયું કે, આંહીં એનું દિલ શાંતિ અનુભવી રહ્યું છે. અને આંહીં આનંદ જણાય છે. પણ માણસનું

મન કોને કહે ? છેવટે રાજાને આંહીં પણ પાછો કંટાળો આવવા લાગ્યો !

એટલે વળી એ તો દિવૌકસ પાસે ગયો. જઈને એને કહ્યું: 'કોઈ એવી ભૂમિ નથી, જ્યાં મન બસ ધરાઈ જ જાય—કંઈ ઈચ્છે જ નહિ. અશાંતિ આવે નહિ.'

દિવૌકસે કહ્યું: 'આ વખતે તમને એવી ભૂમિ બતાવું. એ ભૂમિનું નામ છે કલ્પભૂમિ. ત્યાં તો તમે જે ઇચ્છો, તે તરત મળે. તમારે માત્ર ઇચ્છા જ કરવાની ! ત્યાં તમને મજા પડશે. આંહીંથી સીધા પૂર્વ દિશામાં માત્ર પચાસ કોશ દૂર જ એવી ભૂમિ છે !'

રાજાને મનમાં થયું કે, આવી ભૂમિ હોય તો તો એનો બેડો પાર. એ બેઠો બેઠો પોતાને જે ઇચ્છા થાશે તે માગશે. અને માગતાં જ વસ્તુ હાજર! પછી એ ભૂમિમાંથી બીજે જાય—એ તો મૂરખ હોય !

રાજાને આ કલ્પભૂમિની વાત મનમાં ગમી ગઈ. એ તો ત્યાં ગયો. અને ત્યાં તો એને એવો આનંદ લાગવા માંડ્યો કે ન પૂછો વાત. દિવસમાં સો વખત સો નવી ચીજો માગે. સો યે નવી ચીજો તરત હાજર

થઈ જાય ! રાજા તો ખુશ ખુશ થઈ ગયો.

એને ત્યાં તો જાણે ઇચ્છેલી વસ્તુઓનો વરસાદ વરસવા માંડયો !

પણ માણસનું મન ! મન કેવું ચંચળ છે? થોડાક વર્ષો વીત્યાં, ત્યાં માન્ધાતા રાજાના મનમાં કોણ જાણે કયાંથી, આ બધી ચીજો મેળવવા છતાં, એક પ્રકારની જીવન પ્રત્યેની નફરત આવી ગઈ ! વળી એને કંટાળો લાગવા માંડયો ! એને થયું, આ કેવું લફરું કે નહિ મહેનત કરવી, નહિ કાંઈ કોઈ વાતમાં રસ લેવો, નહિ કાંઈ જાણવું—બસ ઇચ્છા સાથે જ વસ્તુ મળે. આ તો થાક લાગે તેવું !

આપણને આપણી ઇચ્છાનો જ કંટાળો આવે !

એટલે વળી એ તો દિવૌકસ પાસે ગયો. દિવૌકસે પૂછયું : 'કેમ મહારાજ ? હવે વળી શું છે ?'

માન્ધાતા રાજાએ જવાબ વાળ્યો : 'આ તો ભારે કંટાળા ભરેલું જીવન. ઇચ્છો તે મળે, ઇચ્છો તે આવે. એમાંથી તો હવે મને, મારી ઇચ્છાઓનો જ થાક ચડયો છે !'

'ઇચ્છાઓનો થાક ચડયો છે મહારાજ ! ખરેખર?

તો તો મારે તમને જે કહેવું હતું, તે તમે તમારી મેળે જ પકડી લીધું. મારે પણ મહારાજ! તમને એ જ કહેવું હતું, કે જ્યાં સુધી તમે ઇચ્છયા કરશો, ત્યાંસુધી તમને નહિ શાંતિ મળે, નહિ સુખ દેખાય. એ ઇચ્છા ઘટતી જાય—ત્યારે તમને અનુભવ થશે કે ઇચ્છાઓ ઘટે છે, તેમ સુખ વધે છે. સુખ–શાંતિ રહે છે ત્યાં જ્યાં નવી નવી ઇચ્છાઓ જન્મતી નથી!

'જ્યારે તમને મનમાં થશે કે મળે તોય વાહ વાહ! અને ન મળે તોય વાહ વાહ! ત્યારે તમને લાગશે કે, આવું એનું મન હોવું તેનું નામ જ સુખ છે. સુખ એ કોઈ જુદો પદાર્થ નથી!'

રાજા માન્ધાતા હવે દિવૌકસની વાતને સમજી શક્યો. એ સમજ્યો કે ઇચ્છાઓ તો અનંત છે. પાર વિનાની. એની પાછળ દોડનારો છેવટે પોતે જ થાકી જાય છે!

ઇચ્છાને એક પછી એક છોડી દેનારો જ, સુખ પામે છે. સુખ અનુભવવાની વસ્તુ છે, મેળવવાની નહિ.

*

એક વખત ચીનના એક રાજાને એવી લગની

લાગી કે રાજ્ય જેમ મોટું હોય તેમ સારું. આવી લગની જેને જેને લાગે છે, તે ન્યાય જોવા બેસતા નથી. એ તો પોતાનું રાજ્ય કેમ વધે એ જ જુએ છે.

એટલે એ રાજાએ પોતાના પાડોશી રાજ્ય સાથે લડવા માટેની છાની તૈયારી આદરી.

આ વાત સાંભળીને, પાડોશી રાજાનો એક વિદ્વાન હતો, તે એને મળવા ગયો. તેણે ત્યાં જઈને પહેલાં તો આડીઅવળી વિદ્યા વિષેની ઘણી વાતો કહી. પછી પોતે જે કામ માટે આવ્યો હતો તે વાત ઉપાડી.

વિદ્વાને પૂછ્યું : ' મહારાજ ! મેં સાંભળ્યું છે, તમને તમારું રાજ્ય મોટું હોય તો સારું એવી ઇચ્છા થઈ છે એ સાચું ? '

રાજાએ કહ્યું : ' એ વાત સાચી છે. આપણે વધારે મેળવીને, વધારે લોકને સારું રાજ્ય આપીએ, એમાં કાંઈ ખોટું છે ? '

' એમાં કાંઈ ખોટું તો નથી, પણ તમારી પાસે છે, તે જ ઘણું નથી ? '

રાજાએ કહ્યું : ' ઘણું ' અને ' ઓછું ' એ માણસની શક્તિ ઉપર આધાર રાખનાર છે. તમને જે ઘણું લાગે,

તે મને ઓછું લાગે.'

'પણ ત્યારે તો શહેનશાહ! તમે અમારું મેળવી લેશો—ને વળી તમને લાગશે કે એ ઓછું છે. તો પછી શું કરશો?'

'તો વળી બીજું મેળવવાનું!'

'પણ એમ ને એમ છેવટે એનો અંત ક્યાં?'

'માણસના મનમાં!'

'ત્યારે જુઓ, હું તમને એક દાખલો આપું. મેળવવા ઇચ્છનારાઓ, છેવટે પોતે જ પોતાનાથી થાકે છે. એક માણસને માછલી જોઈતી હતી. એને માત્ર એક જ માછલીનો ખપ હતો. એ નદીએ ગયો અને ઝાડ ઉપર ચડ્યો, ક્યાં માછલીઓ બહુ વધારે છે, એ જોવા. એમાં એને માછલી તો ન મળી, પણ પોતાનો પગ લપસ્યો ને પગ ખોયો. પણ એ માણસને તે છતાં હું ડાહ્યો ગણું. એ પગ ખોઈને જીવતો તો રહ્યો!

'પણ જે માણસ પોતાની તૃષ્ણા પૂરી કરવા દોડે છે, તે તૃષ્ણામાં ને તૃષ્ણામાં છેવટે પોતાની જાત ખૂએ છે.

'તમે જીતશો. અમને જીતશો. પણ એમાંથી જ તમારી હાર થશે. તમારી, આ જીતને લીધે, તમારી તૃષ્ણા વધશે. છેવટે એ તૃષ્ણા તમને મારશે. એટલે તમારી જીત એજ તમારી હાર થશે!

'અને જો અમે તમારી સામે, નાના છીએ છતાં જીત્યા, તો દુનિયાભરમાં તમારી હાંસી થશે, અને તમારો જે માન મરતબો છે તેની હરરાજી થઈ જશે. આટલું બધું જોખમ ખેડવું એ ફાયદાકારક છે, કે તમારા દિલનો એક જરા જેટલો તૃષ્ણાનો કાંટો દૂર કરી નાખવો, એ ફાયદાકારક છે? તમે જ વિચાર કરી જુઓ!

'આમાં તમને વચ્ચે નડે છે—તમારી પ્રતિષ્ઠા. બધાને એ જ નડે છે, પોતાનું અભિમાન.

'પણ આકાશમાં ઊડી રહેલા એક પંખી કરતાં તમે વધારે મહાન નથી કે નદીમાં ગેલ કરતી માછલી કરતાં, તમે વધારે જીવવાના નથી.

'ડહાપણ તો તમે તમારી આસપાસ શાંતિની, સહકારની, સુખની હવા ફેલાવો એમાં રહ્યું છે.

'એ જોઈને બીજા પણ એ હવા પોતાને ત્યાં

લાવવા પ્રેરાશે.

'એમાંથી તમારી નામના થશે. તમારે માટે સૌને માન થશે ભવિષ્યમાં પણ તમે આદર્શ ગણાશો. તમારું જીવન સમાપ્ત થયા પછી તમારું જીવન શરૂ થશે! લોકો તમને સંભારશે.'

'હું તો તમને છેવટે આ એક સોનેરી વાત કહું, લડાઈઓથી લડાઈઓ પૂરી થતી નથી, કે લડાઈઓમાં કોઈની જીત થતી નથી!'

[૧૧]

## સહકારથી ગરીબી જાય

શ્રીમંતને સ્વપ્ન આવ્યુ

એક વખત એક શ્રીમંતને સ્વપ્ન આવ્યું. એને જાણે સ્વપ્નમાં એક સ્ત્રી એની પાસે આવી. એને ભરનિદ્રામાંથી જગાડયો. શ્રીમંત તો જાગ્યો અને બાઈની સામે જોઈ રહ્યો. કોઈ દિવસ એને જોઈ હોય એવું એને યાદ ન હતું. એણે એને પૂછ્યું: 'તું કોણ છે? અત્યારે કેમ આવી છે? તારે શું કામ છે?'

પેલી બાઈએ જવાબ વાળ્યો, 'હું છું, ગરીબી. તારી ભાગ્યરેખામાં હું પણ છું. જેમ તારે ત્યાં શ્રી—લક્ષ્મી છે—તેમ હું ગરીબી પણ તારે ત્યાં આવીને રહેવાની છું.'

'પણ તમે બન્ને સાથે શી રીતે રહી શકશો? ગરીબી હોય ત્યાં લક્ષ્મી હોતી નથી. લક્ષ્મી વસે ત્યાં ગરીબી રહી શકતી નથી!'

પેલી સ્ત્રી હસી ને એને જવાબ વાળ્યો: ‘ત્યારે તમે સ્વપ્નામાં જુવો છો શેઠ! તેમ મારો પગરવ થાય એટલી જ વાર. લક્ષ્મીએ વિદાય લેવી જ રહી. દેખાઉં એટલી વાર. હું તો તમારી પાસેથી આટલું જાણવા માગતી હતી કે, મારે આવ્યા વિના તો છુટકો જ નથી. તમારી ભાગ્યરેખામાં હું પણ છું. પણ હું ક્યારે આવું? તે તમારી પાસેથી હું આ જાણવા આવી હતી. કારણ કે, તમારી સજ્જનતા જોઈને મને થયું કે, હું એમને જ સમય પસંદ કરવા આપું. આટલી છૂટ હું આપી શકું છું, તો હમણાં આવું કે પછી વૃદ્ધાવસ્થામાં?’

‘વૃદ્ધાવસ્થા ને ગરીબી? એ બે વાત તો એકીસાથે સહન નહિ થાય, માટે હમણાં જ આવી જાઓ. હું કડેધડે છું, ત્યાં શ્રમ કરીને પણ હું ગાડું રોડવી તો શકું!’

શેઠના શબ્દો સાંભળતાં, પેલી સ્ત્રી અદૃશ્ય થતાં થતાં બોલી: ‘ત્યારે હું આવતી કાલથી જ આવું છું. મારાં સ્પષ્ટ પગરણ તમે જોઈ શકશો!’ અને એ અદૃશ્ય થઈ ગઈ.

બીજે દિવસે સવારે શેઠ તો જાગ્યા. પણ રાતનું

સ્વપ્ન પોતાને જાણે સ્પષ્ટ દેખાતું હોય તેમ, એ ખિન્ન થઈ ગયા હતા. અને વળી ગરીબી તો બોલી ગઈ હતી, મારો સ્પષ્ટ પગરવ તમે જોઈ શકશો.

એ વિચાર કરતા બેઠા હતા, ત્યાં સામેના બારણેથી કોઈ એક જુવાન સ્ત્રીને આવતી એણે જોઈ. એને જોઈને, આ કોણ આવે છે, એ જાણવા માટે, એ પોતે જ ઊઠીને આગળ વધ્યા. પણ એટલામાં તો પેલી બાઈ, પોતે જાણે કાંઈ ભૂલ કરી હોય—પોતે જાણે ઘર ભૂલી છે, તેવો દેખાવ કરતી, તરત અદૃશ્ય થઈ ગઇ.

પરંતુ એ જ હતી ગરીબી. જે કહેવા આવી હતી કે આ મારો પગરવ!

પણ એ જતી હતી ત્યાં જ, શેઠનાં પત્ની એને જતી દેખી ગયાં. એણે આવીને શેઠને પૂછ્યું: 'કોણ આવ્યું હતું?'

શેઠે કહ્યું: 'ક્યાં?'

'કેમ વળી ક્યાં? આંહીં હું જોઉં છું ત્યાં જ એક બાઈ નીકળી છે, ને તમે કેમ કહો છો ક્યાં? છોકરાં સમજાવતા હશો!'

શેઠને થયું કે કોઈ દિવસ ન બોલનારી શેઠાણી

આવી વાણી બોલી રહી હતી. એ વધુ ખિન્ન થઈ ગયા. એની જીભ જ ચાલી નહિ.

'કેમ મૂંગા થઈ ગયા છો ? કોણ આવી હતી એ બોલો ને !'

જો શેઠ કહે છે કે કોણ હતી એ ખબર નથી, તો કોઈ માનતું નથી. જો પોતાના સ્વપ્નામાં દેખા દેતી ગરીબી આ લાગે છે, એમ બોલે છે, તો શેઠાણીનું હૈયું જ તરત બેસી જવાનું. એટલે નથી શેઠ આમ જવાબ દેતા કે નથી તેમ જવાબ દઈ શકતા.

પણ ગરીબીના પગરણ થતાં જેમ આ સુખી ઘરમાં પ્રથમ જ શંકા જન્મી, તેમ એને જ પગલે પગલે કુસંપ પણ જન્મ્યો.

શેઠાણીએ તો પોતાની પાસેનું અમોઘ અસ્ત્ર કાઢયું. આજે રાંધે એ જ બીજા. રસોયો પૂછવા આવ્યો, તો જવાબ આપ્યો : 'આજ રાંધવું જ નથી.'

'પણ ત્યારે શેઠ સાહેબ—શેઠ સાહેબ ખાશે શું ?'

'ચૂલામાં છે ને—એ ...' શેઠાણીએ ઉદ્ધત જવાબ વાળ્યો.

જમવા વેળાં થઈ. શેઠ આજે ખિન્ન છે. જાણે છે કે પેલી ગરીબી પગરણ કરી ગઈ છે. ઘરમાં કોઈ બોલતું નથી. રસોયો હાથ જોડીને ઊભો છે. આજે રસોડું બંધ છે.

કાંઈ ન હોય તેમ શેઠ તો ઓફિસે ગયા.

પણ ગયા એવા જ એક સમાચાર મળ્યા.

એમનું વહાણ માલ સહિત ડૂબતું હતું.

બીજા પણ સમાચાર આવ્યા. સમજી ગયા. ગરીબી આવતી હતી.

એક પછી એક સમાચાર આવવા મંડ્યા. લેણદારો ઊભરાવા મંડ્યા. જેના જેના પૈસા શેઠને ત્યાં હતા, એ બધા દોડ્યા. ગરીબી આવી છે, એ જોતાં એનો એ માણસ ત્રણ બદામનો થઈ ગયો!

એની પ્રમાણિકતાને વખાણનારા એ વાતને હવે ઢોંગ કહેવા મંડ્યા. ઘરઆંગણે બધા એને અવ્યવહારુ ગણવા માંડ્યા. વેપારીઓ મૂરખ કહેવા માંડ્યા, અને રાજાને પણ થયું કે મફતનું આપણું લેણું, એની પાસેથી વસૂલ ન કર[illegible]ક નથી, એટલે એણે પણ અત્યારે

જ તગાદો આદર્યો.

ગઈ કાલના શ્રીમંત મિત્રો મોં ફેરવીને ચાલવા માંડયા. આ પ્રમાણે એમનું ઘર ગયું. ઘેર કોઈકનું તાળું લાગી ગયું. વેપાર ગયો. રહ્યોસહ્યો વેપાર, વાણોતર, મુનીમ બધા હાથ કરવા માંડયા. શેઠની બુદ્ધિ પણ કોણ જાણે કયાં ગઈ? એ તો સૂનમૂન બની ગયા.

તેવામાં એનો એક મિત્ર, એ વખતે બહાર ગયેલો, તે અચાનક આવ્યો. ગામના પાધરમાંથી જ એણે આ વાત જાણી. પોતે કાંઈ શેઠને ટેકો આપી શકે તેમ ન હતો પણ તેથી શું? એને થયું હું પડખે જઈને ઊભો રહું. થાય તે કરી છૂટું. માનવ માનવને કામ નહિ આવે ત્યારે તો દુનિયા કંગાલની કંગાલ થઈ જશે. એ ઉપરથી એ શેઠને અને બધાંને પોતાને ત્યાં લઈ આવ્યો, અને એની એવી ખાતર બરદાસ્ત કરી કે, બધા એ જોઈને છક્ક થઈ ગયા. શેઠના દિલમાં આ માનવતા જોઈને ઉત્સાહ આવ્યો, અને એને થયું, આપણે આવતી કાલથી જ એકડેએકથી શરૂ કરવું.

એમણે આ માણસ સાથે એકડેએકથી વાત શરૂ કરી. એનો દરેક તુક્કો સીધો પડતો ગયો, તેમ તેમ

શેઠાણીના મનનું પણ સમાધાન થવા માંડયું. એ પણ પહેલાંની જેમ ઘરમાં કરકસર કરવા માંડયા.

આ પ્રમાણે એમનો વ્યવહાર શરૂ થયો, ત્યાં એક દિવસ પેલી ગરીબી પાછી સ્વપ્નોમાં દેખાઈ. તેણે શબ્દો તો શેઠને થોડા જ કહ્યા. પણ શેઠ એ સાંભળીને છક્ક થઈ ગયા. એણે કહ્યું: 'શેઠ જયાં માનવ માનવને મદદ કરવા દોડે છે, સાચાં દિલથી, ત્યાં હું રહી શકતી નથી, માટે હવે હું વિદાયની રજા લેવા આવી છું!'

[ ૧૨ ]

## સહકારથી ગરીબી જાય

એક ઢેફાએ અને થોડાંક પાંદડાંઓએ સહકાર સાધ્યો એની એક દૃષ્ટાંતકથા છે. આકાશમાં વાદળાં જોયાં અને ઢેફું વિચારમાં પડ્યું કે આ વરસશે તો આપણે નહિ હોઈએ!

એની એ ચિંતા ઝાડ ઉપર બેઠેલું એક પંખી નિહાળે.

એ પંખીએ ઢેફાભાઈને કહ્યું : 'ઢેફાભાઈ! બચવું હોય તો કોઈકનો આધાર લ્યો. મોટી મુશ્કેલીઓ આવે છે ત્યારે માણસો એમ કરે છે. આપણે પણ માણસોના દાખલા પ્રમાણે કરો. ઢેફાએ વિચાર કર્યો: આપણે પાંદડાંઓને સાધીએ. પછી એણે ઝાડ નીચે પડેલ પાંદડાંને પૂછ્યું: 'વાવંટોળ આવે ત્યારે તમે જાતને કેવી

રીતે રક્ષો છો?'

નિરાશ અવાજે પાંદડાઓએ કહ્યું: 'અરે ભાઈ! આંહીં શું જાતને રક્ષવાની છે? અને શું કમાણી કરવાની છે? વાવંટોળ આવે તે અમને ઉપાડી જાય! પછી જ્યાં નશીબ લઈ જાય ત્યાં ખરું. ઝાડથી છૂટાં પડ્યાં પછી અમારો દુનિયામાં શું હિસાબ છે? વાવંટોળ આમ જ્યાં ફંગોળે ત્યાં ફંગોળાવાનું! બીજું તો શું થાય?' ઢેફું બોલ્યું: 'એમ નહિ, આપણે બન્ને સંપ કરીએ. મારી મુશ્કેલીમાં તમે મને સાચવો અને તમારી મુશ્કેલીમાં હું તમને સાચવું, તો આપણે બન્ને ટકી શકીએ.'

આ પ્રમાણે આ બેએ—તદ્દન મામુલી જેવાએ—એકબીજાના સહકારથી પોતપોતાની મુશ્કેલીનો માર્ગ શોધી કાઢ્યો.

પણ એમની એ વાત હજી પૂરી થઈ ન થઈ ત્યાં વાવંટોળ આવ્યો. પાંદડાં ખરવા માંડ્યાં. ડાળીઓ હાલવા મંડી. જે આવે તેને ઉડાડી દેવાની વાવંટોળની પ્રવૃત્તિ શરૂ થઈ. એ જોઈને ઢેફું તરત પાંદડાં ઉપર બેસી ગયું અને વાવંટોળે પોતાનું જોર આદર્યું, પણ પાંદડાંભાઈ તો નિરાંતે બેઠા બેઠા આ મુશ્કેલીને વટાવી

ગયાં, અને બીજાં અનેકને વાવંટોળે આઘા પાછા ફેંકી દીધા પણ ઢેફાને લીધે પેલા પાંદડાંભાઈને કાંઈ જ વાંધો આવ્યો નહિ.

સહકારનો આવો લાભ છે એ સમજાતાં હવે તો પાંદડાંભાઈ પણ ઢેફાની મદદે ગયાં. અને વાદળી વરસવાનું શરૂ થતાં જ—બધાં એવી રીતે ઢેફાને વીંટાઈ વળ્યાં કે એમના પોતાના ઉપરથી પાણી ચાલ્યું જાય પણ ઢેફાભાઈને એક જળબિંદુનો પણ સ્પર્શ ન થાય! આવી રીતે વરસાદ વખતે ઢેફાભાઈ પણ કોરાધાકોર રહીને પોતાનું જીવન ટકાવી શકયા.

પછી તો એ બધાંએ નિશ્ચય કર્યો કે જ્યારે મુશ્કેલી આવે ત્યારે આપણે ભેગા થઈ જવું ને જાતને ટકાવી લેવી. આ પ્રમાણે એકબીજાની સહાયથી આ ઢેફાએ પાંદડાંઓને અને પાંદડાંઓએ ઢેફાને જાળવાનું કર્યું.

પણ બન્યું એવું કે આ પાંદડાંની અને ઢેફાની ફિલસૂફી માણસ જાતે ખોઈ દીધી. માણસને એમ અભિમાન આવ્યું કે આ પાંદડાં આપણને શીખામણ આપે એ તે શું? ને આ ઢેફું? આપણને શીખવાડનારું એ કોણ?

ત્યારથી માણસ જાતે બનતાં સુધી એકબીજા સાથે સહકાર ન કરવો એવો જાણે નિયમ કર્યો છે. અને મુશ્કેલીઓ આવે છે ત્યારે સૌ પોતપોતાના વાડામાં બેસી જઈને ઠીક ઠીક હેરાન થાય છે!

પણ હજી સુધી એણે ઢેફાની ને પાંદડાંની ફિલસૂફી સ્વીકારી નથી, અને પોતાની બુદ્ધિના અભિમાનમાં એ સ્વીકારવાનો પણ નથી!

કોઈ કે કહ્યું છે કે માણસને મારી નાખે છે એની પોતાની જ બુદ્ધિ! બીજું કોઈ નહિ.

[ ૧૩ ]

# પાંચ પ્રસંગો

નર્તકી નાચી રહી હતી, પણ વહેલી રાતથી મોડે સુધી એનું એ નર્તન કરતાં કરતાં હવે એના પગ ઢીલા પડતા હતા. ક્યારેક બેતાલ પણ થઈ જતી હતી.

પણ એની ખ્યાતી હતી એક અદ્દભુત કલાકાર તરીકેની. એની આ કલા હવે ઝાંખી પડતી હતી. આખી રાત નૃત્ય ચાલે તોપણ એનો પગ બેતાલ પડે, એ ક્યારેય બન્યું ન હતું. એની આ પ્રતિષ્ઠા હતી. આજે એ બેતાલ થતી જતી હતી. એ જોઈને મૃદંગ ઉપર થાપટ લેતો એનો શાગીર્દ મનમાં મૂંઝાતો હતો.

બેતાલ ક્યારેય ન થનારી આજે બેતાલ થાય તો તો થઈ રહ્યું ! અને તે પણ હવે થોડીક જ રાત રહી

છે ત્યારે ? એટલે એણે નર્તકી જ સમજી શકે એવી બે પંક્તિઓ કહી

‘બહોત ગઈ થોડી રહી,
થોડી મેં ઘટ જાય;
થોડી રેન કે કારણે,
બાજી મત ગુમાય.!’

નર્તકી મહા ચતુર હતી. તે તરત સમજી ગઈ. હવે રહી રહીને રાત કેટલી બાકી છે ? એટલે થોડી રેન સંભાળી લેવાની આમાં વાત હતી. તે તરત સાવધ થઈ ગઈ. એનો તાલ બેતાલ થતો બંધ થઈ ગયો. એ એના અસલી રૂપમાં જ વાત સંભાળતી થઈ ગઈ.

પણ આ પંક્તિઓ જેમ નર્તિકાએ સાંભળી ને એ એનો અર્થ સમજીને સાવધ થઈ ગઈ, તેમ એ જ પંક્તિઓ પ્રેક્ષકવર્ગમાંથી પણ બીજા બે જણાએ સાંભળી, અને એમણે એમનો અર્થ ઘટાવ્યો, પોતપોતાના મનમાં ચાલી રહેલી વાત પ્રમાણે. પ્રેક્ષક વર્ગમાં એક તો હતો રાજાનો એકનો એક કુમાર અને બીજાં બે હતાં; રાજાની કુંવરી અને પ્રધાનનો પુત્ર.

એ આંહીં નર્તન જોતાં હતાં, પણ એમના મનમા જુદી જ વાત ચાલતી હતી. એમણે આ કાવ્યપંક્તિનો

અર્થ પોતપોતાના મનમાં ચાલતી વાત પ્રમાણે ઘટાવ્યો. પંક્તિઓ એકની એક હતી, પણ એનો અર્થ સૌએ પોતપોતાની મનવાત પ્રમાણે ઘટાવ્યો.

રાજાનો કુમાર મનમાં એ વખતે વિચાર કરી રહ્યો હતો કે ડોસા ઘણું લાંબું જીવ્યા અને હજી પણ કડે-ઘડે છે. એટલે કેટલું લાંબું જીવશે એ કહેવાય નહિ. એટલે એ પોતાના મનમાં અધીર થઈ રહ્યો હતો. અને એમ થયું હતું કે જુક્તિથી ઝેર આપી દીધું હોય તો જ ડોસા જાય ને પોતે રાજ પામે ને સત્તા મેળવે. નહિતર તો ડોસા જાય એમ લાગતું નથી.

એના મનમાં આ વિચાર ચાલતો હતો ત્યાં એણે કાવ્યપંક્તિ સાંભળી :

'બહોત ગઈ થોડી રહી...' અને એ મનમાં વિચાર કરી રહ્યો : આ વાત જાણે મને જ કહેવાઈ રહી છે. રાત ઘણી તો વીતી ગઈ છે. થોડી જ બાકી છે. થોડા માટે શું કરવા બાજી બગાડવી ?

એટલે એના મનનો વિચાર ફરી ગયો. એને થયું કે ડોસા જીવી જીવીને હવે કેટલુંક જીવવાના ? આપણે એને રહી રહીને હવે દગો દેવો ?

એટલે એણે પોતાના મનમાં નિર્ણય કરી લીધો કે હવે થોડા માટે બાજી બગાડવી નહિ !

હવે બીજાં બે—રાજાની કુંવરી અને પ્રધાનનો કુંવર—પોતપોતાના મનમાં એમ વિચાર કરતાં હતાં કે પ્રધાન કે રાજા કોઈ એમની વાત સાંભળે તેમ નથી, માટે આપણે હવે ગુપચુપ ભાગી જવું. પછીની વાત પછી.

પણ એમણે આ પંક્તિઓ સાંભળી, અને એમને તો એમ જ થઈ ગયું કે જાણે એમની વાત કોઈકે જાણી લીધી લાગે છે. ગુન્હાવાળું માનસ, બધા પ્રત્યે શંકા ધરાવે કે એમને બધાને વાત મળી ગઈ છે, એના જેવી આ વાત હતી.

એટલે એમના ઉપર આ કાવ્યની પંક્તિએ એમ અસર કરી કે આપણે પણ થોડો વખત રાહ જોવી, ત્યાં કોઈ ને કોઈ રાજા કે પ્રધાન વિદાય લેશે એટલે આપણું કામ સહેલું થઈ જશે. થોડા વખત માટે થઈને આપણે પણ આપણી બાજી બગાડવી નહિ !

આ પ્રમાણે કાવ્યની પંક્તિ તો એક જ હતી, પણ દરેકના મનમાં ચાલી રહેલા વિચાર પ્રમાણે, એની જુદી જુદી અસર થઈ.

અને દરેકને એમ સમજાયું કે થોડા સાટે થઈને બાજી બગાડવી નહિ. નર્તિકાને એની કલાની પ્રતિષ્ઠા થોડા વખત માટે બગડે છે એમ સમજાવ્યું. રાજ્યના કુંવરને એમ સમજાવ્યું કે થોડા વખત માટે થઈને હવે એણે દગો કરવો એ ઠીક નથી. અને પ્રધાનના કુમારને એમ વાત સમજાઈ કે રાજાનો દ્રોહ થોડા વખત માટે થઈ કરવો એ ઠીક નથી. અને પેલી રાજ્યની કુમારીને પણ એમ લાગ્યું કે પિતાના જીવનના છેલ્લા દિવસો કડવા કરી મૂકવા એ વાત પોતાને માટે બરાબર નથી. અને દરેકે પોતપોતાની બાજીને સંભાળી લેવામાં પોતાનું શ્રેય થતું જોયું.

કાવ્યની પંક્તિએ આપેલી આ અસર દરેકને માટે માર્ગદર્શક થઈ પડી, અને એ જીવનનો સાચો રાહ શું હોઈ શકે તે સમજી ગયાં.

### પ્રસંગ—૨

એક વખત એવું બન્યું કે ત્રણ માણસોએ નિશ્ચય કર્યો કે આપણે મોક્ષ સાધવો ને સાધવો. દુનિયાની માન્યતા પ્રમાણે એમની પણ માન્યતા કે મોક્ષનું સાધન માળા. માળા લઈને બેસો ને આખો દિવસ

માળા ફેરવો એટલે વહેલે મોડે મોક્ષને આવ્યે જ છૂટકો!

એટલે એ ત્રણે જણા એક ડુંગર ઉપર ગયા. એ ડુંગરનું નામ પણ મોક્ષ ટેકરી. ત્યાં બેસીને જપ કરનારા મોક્ષ મેળવે જ છે એવી સૌની દઢ શ્રદ્ધા. આ ત્રણે જણા આ મોક્ષ ટેકરી ઉપર ગયા અને માંડયા ભજન કરવા. જપ કરે, તપ કરે, ફળફળાદિ ખાય, બહુ બોલે નહિ; આખા દિવસનો એમનો આ કાર્યક્રમ ચાલ્યા કરે.

પણ એક વખત વહેલી પ્રભાતે એમાંનો એક જાગ્યો ને ટેકરી ઉપરથી નીચે દૃષ્ટિ કરી તો તે છક્ક થઈ ગયો. સુંદર પ્રભાત બધે શોભી રહ્યું હતું. ટેકરી, વન, ઝરણાં, વનસ્પતિ અલૌકિક રીતે સુંદર બની ગયાં હતાં. એમાં એણે જોયું કે લોકો કામે જતા હતા. ગાયો ફરતી હતી. કોઈ પાણી ભરવા નીકળ્યા હતા. કોઈ ખેતરે જતા હતા. કોઈ કામે નીકળ્યા હતા. પ્રભાતની સુંદરતા સાથે આ માનવોનો એવો મેળ લાગતો હતો કે જાણે એ પણ આ વિશાળ સુંદરતાના જ ભાગ રૂપે બની ગયાં હતાં!

એ માણસને થયું કે આ કુદરત હમેશાં ખીલે છે. સુંદર રૂપ પ્રગટાવે છે. માણસો એમાં કામ કરે છે.

અને આંહીં યંત્રની જેમ અમે આ માળા લઈને મંડયાં છીએ—એ કાંઈ બહુ યોગ્ય નથી.

એટલે એ તો ટેકરીને છોડીને નીચે ચાલ્યો ગયો સૌની સાથે કામ કરવા અને નિત્યજીવનની નવી નવી શોભા નિહાળવા. નીચે જઈને અણે એક ઝૂંપડી બાંધી. નદીતટે થોડી જમીન પોતાની કરી. એમાં કાંઈ ને કાંઈ ખેતી કરવા મંડયો.

આખા દિવસના શ્રમ પછી એ સાંજે માળા લઈને બેસવા મંડયો.

અને એક આશ્ચર્યનું આશ્ચર્ય થયું. એને હવે જાણે માળા ફેરવવામાં જુદા જ પ્રકારનો આનંદ દેખાવા લાગ્યો. પહેલાં તો યંત્રની માફક મંડયો જ હતો, એમાં આ ફેરફારે એને નવો પંથ બતાવ્યો.

અને પછી તો એમાં એને ધીમે ધીમે માર્ગદર્શન મળ્યું. એને થયું કે માળામાં મોક્ષ નથી. એ તો એક પ્રકારનો મન માટેનો વ્યાયામ છે. પણ વ્યાયામ જેમ સાધન છે ને શરીર જ સર્વસ્વ છે, તેમ માળા તો સાધન છે ને માણસનું મન જ સર્વસ્વ છે. એ યંત્રની માફક પુજા કરે તો એના જેવો બેવકૂફ કોઈ નહિ. એને

એમાં રસ આવે માટે એણે કામ કરવું રહ્યું.

એટલે માળામાં બધું છે એમ માનનારા મૂર્ખ છે, ને માળામાં કાંઈ નથી એમ માનનારા એના કરતાં પણ મોટા મૂર્ખ છે. એને એક સાધન સમજનારા—સંસારને સુંદર બનાવવાનું એને એક વ્યાયામ ગણનારા—ડાહ્યા છે.

પછી એને થયું કે હવે જોવા દે મારા પેલા બે ભાઈઓ કેટલે આગળ વધ્યા છે, એમ ધારીને એ એક દિવસ પાછો ડુંગર ઉપર ગયો.

તો તેણે ત્યાં શું જોયું? એક ભાઈ ચલમ ફૂંકી રહ્યા હતા. બીજા ભાઈ કોઈ સાથે નિંદાની વાતરસમાં લીન હતા.

માળાને પણ જે યંત્ર બનાવી દે છે એ બધા જ છેવટે હીન વાતોને ખાનગીમાં સેવતા થઈ જાય છે!

એટલે એને ખાતરી થઈ કે એણે જે રસ્તો લીધો હતો—વધારે પડતો ભાર એક વાત ઉપર મૂકી અને યંત્ર ન બની જવાનો—તે રસ્તો જ બરાબર હતો

મનની કેળવણી માટે ‘ સંસાર શું સરસો રહે ને મન્ન મારી પાસ’ એ નરસિંહ મહેતાની વાણી જ

અચળ છે ને અમર છે.

પ્રસંગ–૩.

એક વખત એવું બન્યું કે એક માણસ મુસાફરી કરવા નીકળ્યો. એ થાક્યો એટલે એક વડ નીચે આવીને બેઠો. એની છાયામાં જરા એને આરામ મળ્યો, એટલે એ ત્યાં જરા આડો પડ્યો ને એટલામાં એને ઊંઘ આવી ગઈ. એ તો એવી ગાઢ ઊંઘમાં પડી ગયો કે કોણ આવ્યું ને કોણ ગયું એનું પણ કંઈ ધ્યાન એને રહ્યું નહિ. થોડીવાર પછી એ ઊંઘમાંથી જાગ્યો, ત્યારે એને બહુ આરામ લાગ્યો. એને થયું કે આ જગ્યાએ જ થોડો વખત હવે ગાળું. આગળ હવે જવું નથી.

એટલે એ કંઈક રમત કરવા બેઠો. એણે જોયું તો એની આસપાસ ઠીક ઠીક પથરા પડ્યા હતા. એણે ચારે તરફથી નાના મોટા પથરા ભેગા કર્યા ને કેવળ મનના આનંદ ખાતર એક નાની સરખી દેરી રચવા માંડ્યો. પથરા ઉપર પથરા ધીમેથી મૂક્યા. દેરડી ઊંચી થઈ. પછી તો દેરડી પાડવાનું એને ગમ્યું નહિ. એટલે દેરડીને એમ ને એમ રાખીને એ તો ચાલ્યો ગયો.

થોડી વાર થઈ અને ત્યાં એક ભરવાડ આવ્યો એણે આ દેરડી આંહીં જોઈ. એને થયું કે આ થાનકમાં

આમ પથરા મૂકવાનો રિવાજ લાગે છે. અને એ પણ બે-ચાર પથરા મૂકીને દેરડી ઊંચી કરીને ચાલ્યો ગયો.

બે-ચાર દિવસમાં તો વડની છાયા નીચે આવનારા તમામે એક વાત ફેલાવી કે, વડની નીચે સતને આધારે એક દેરડી છે, તેમાંથી પથ્થર પડતો નથી. આ વાત ચાલી, એ એક બાવાજીએ સાંભળી. એમને થયું કે સત અસત તો ઠીક, પણ આ દેરડી સાચવી હોય અને આનું માતમ વધાર્યું હોય તો, આપણો રોટલો સુખેથી નીકળે.

એટલે એમણે તો આવીને એક દિવસ ત્યાં મુકામ નાંખી દીધો. તે દેરડીનું પોતાનું એક માતમપુરાણ રચી દીધું " પર્વતેશ્વર " !

પછી તો આ પર્વતેશ્વરની પૂજા ચાલી. જેને હાથે દેરડીમાં બરાબર પથ્થર ગોઠવાય ને પડે નહિ તે પુણ્યશાળી મનાવા લાગ્યો.

પછી તો એ પડખેના ગામમાં પણ પર્વતેશ્વરની પૂજા ચાલી. એમ કરતાં કરતાં પેલો માણસ, જેણે આ દેરડી પહેલાં રચી હતી, તે જ્યારે પોતાની લાંબી મુસાફરીમાંથી પાછો આંહીં થઈને નીકળ્યો ત્યારે જુએ છે તો ત્યાં તો ધમાલ ચાલી રહી છે. પર્વતેશ્વર-

ની પૂજા થાય છે, અને બાવાજી બેઠા ટોકરી વગાડે છે.

આ માણસે આ જોયું અને એણે બધાંને કહેવા માંડયું કે આ દેરડી તો મેં કરી હતી. બીજું કાંઈ છે નહિ. લોકોએ તો એને પહેલાં નાસ્તિક માન્યો. અને પછી વાત ચાલી કે એક માણસે પર્વતેશ્વરની નિંદા કરી તો એ પાગલ થઈ ગયો છે. એટલે એણે તો જેમ જેમ જોરજોરથી આ વાત કરવા માંડી, તેમ તેમ લોકો, એને વધારે પાગલ ગણવા માંડયા.

એ માણસને પછી છેવટે સમજાયું કે લોકો તો ડાહ્યા નહિ થાય, પણ પોતે ગાંડો થઈ જશે, જો આમ વાત ચલાવતો રહેશે તો. એટલે એક દિવસ એ ત્યાંથી ચાલ્યો ગયો!

પછી એ પર્વતેશ્વરનું શું થયું તે કોઈએ નોંધ્યું નથી. પણ સૌ જાણે છે કે પર્વતેશ્વર અચળ અને અમર છે. લોકો પણ જે હતા તે જ છે. અને આ વાત પણ જેવી હતી તેવી હજી ચાલ્યા કરે છે!

### પ્રસંગ–૪

ઔરંગઝેબ બાદશાહને મરણ પામ્યા માત્ર પાંચ જ વર્ષ થયાં ત્યાં તો મોગલ શહેનશાહતનો અંત આવવા માંડયો.

એવું શી રીતે થયું?

જહાંદારશાહના જમાનાની એક વાત છે. એને સંગીત કલાનો ઘણો શોખ. એ વિવેકમાં સમજે નહિ. એક વખત એણે એક કલાવંત નિયામતખાનને પંજાબનો સૂબો નીમવા હુકમ આપ્યો. પંજાબ જેવા સરહદી પ્રાંતમાં આવા અણઘડને નીમવો એ મૂર્ખાઈની પરિસીમા હતી.

પણ જેમ નિર્બળતા વધે છે, તેમ હાકોટા બહુ ચાલે છે.

એટલે બાદશાહ જેવા બાદશાહની આ ખોટી વાતને ખોટી ગણાવવાની કોઈનામાં હિંમત જ મળે નહિ. બાદશાહનો વજીર, અનુભવી યોદ્ધો ઝુલ્ફીકારખાન હતો. એણે બાદશાહની ચડતી જોઈ હતી. આજ પડતી જોઈ રહ્યો હતો. એની પાસે વાત આવી. નિયામતખાન પણ બાદશાહનો રૂક્કો લઈને એની પાસે પહોંચ્યો. પણ વજીરે એને કાંઈ કોઠું આપ્યું નહિ. છેવટે કોઈ ખટપટિયાએ કહ્યું કે તમે દિલ્હીમાં વસો છો કે ક્યાં વસો છો? પૈસા વિના દિલ્હીમાં કોઈ કોઈનું કામ થવા દે છે?

એટલે નિયામતે એક દિવસ વજીરને સીધો જ પ્રશ્ન કર્યો: ‘ખુદ બાદશાહનો હુકમ છે. તમે મને જવાબ

દેતા નથી. મારે શું સમજવું ? કોઈને કાંઈ વાંધો હોય તો તમે કહો. એનો ઉપાય થશે !'

ઝુલ્ફીકારખાંને આ વાત જાણી લીધી. એણે નિયામતને કહ્યું, "દિલ્હીનો શિરસ્તો તમે જાણો છો. આંહીં તો સૌને અશરફીની પડી છે. રાજ અશરફીનું છે, બાદશાહનું નથી. એટલે મારું માનો તો તમે મને બસો તંતુવાદ્ય મોકલાવો, કામ થઈ જશે !"

નિયામત તો સમજ્યો આને જોતાં હશે, ઉપરથી નીચે વેરવા માટે, એટલે એણે બસો વાદ્ય ભેગા કરવા માંડયાં. પણ થોડાંક અધૂરાં રહ્યાં. એ વજીરને મળ્યો.

'પૂરાં બસો થયા વિના કાંઈ નહિ થાય,' વજીરે કહ્યું.

નિયામતને થયું કે હવે તો આ માણસને ભેખડે જ ભરાવવા દે. એણે ખુદ બાદશાહને આ વાત કરી. બાદશાહ પણ જાણે કે કામ કરવા માટે બધા અશરફી માગે છે. દિલ્હીનો એ તો શિરસ્તો છે. પણ એને નવાઈ લાગી. આ આટલા બધા વાદ્યોને વજીર શું કરશે ?

તેણે ઝુલ્ફીકારખાનને બોલાવ્યો. અને એને પૂછ્યું: "તમે બસો તંતુવાદ્યો મંગાવ્યા છે, નિયામત પાસે, એ સાચું ?"

"એ સાચું છે જહાંપનાહ."

"પણ આટલાં બધાં? આટલાં બધાંનો શું ખપ છે?"

"એવું છે નામદાર! કે જયારે કલાવંતોને, બાદશાહ સલામત, સૂબાગીરી ઉપર મોકલવા માંડશે, ત્યારે સૂબાનું તો જે થવાનું હશે તે થશે, પણ દરબારમાં કલાવંતોની ખોટ પડશે. એ ખોટ પૂરી પાડવા માટે મેં આ વાદ્યો મંગાવ્યા છે, કે જેથી બીજા કલાવંતો તૈયાર થઈ જાય! નામદાર! બધા કલાવંતો અધિકારીઓ થઈ જાય, પછી બીજા કલાવંતો આપણને જોઈશે, એટલે આ મંગાવ્યાં છે. બેઅદબી માફ નામદાર!"

બાદશાહની સાન આ સાંભળીને ઠેકાણે આવી ગઈ. અને નિયામતને પંજાબ જેવો સૂબો સોંપવાનો હુકમ રદ કર્યો.

વજીરે નીચા નમી કુર્નીશ બજાવીને પછી રજા લીધી.

### પ્રસંગ–૫

એક વખત એક ગુરુ અને એનો શિષ્ય બે સાથે ભિક્ષા માગવા નીકળ્યા.

શરૂઆતમાં તો એ જે સ્થાનમાં પ્રવેશ્યા હતા ત્યાં જ એક પછી એક ઘર જેમ આવતા ગયાં તેમ

માંગતા ગયા.

પણ ગુરુએ જોયું કે શિષ્યને આવી રીતે માગવું ગમતું નથી. તેનું મન ફલાણી બાજુએ જઈએ ને આ બાજુ જઈએ એમ થયા કરે છે.

એટલે એણે તાલ જોવાની ખાતર પોતાનો આગ્રહ, એક પછી એક ઘર ભમવાનો છોડી દીધો.

શિષ્યને તો એટલું જ કામ હતું. એણે તરત જ પોતાની પસંદગીના ઘર ઉપર નજર કરી. અને એ રીતે એ માગવા માંડ્યો.

વચ્ચે બે–ચાર પાંચ ઘર છોડી દે અને એને ખાતરી હોય કે ફલાણે ઠેકાણે સારું ભોજન મળવાનું, એટલે ત્યાં જઈને ઊભો રહે.

ગુરુએ આ તાલ જોયા કર્યો પછી બન્ને સ્થાનકે ગયા. જમવા બેઠા. શિષ્યને ક્યારનું મનમાં થતું કે ગુરુને મારા પરાક્રમની વાત કરું. 'કેટલાંક ઘર તો નોંધેલા જ હોય છે મારાં, કે ત્યાં સારું ભોજન મળવાનું, અને તે પણ સ્વાદિષ્ટ.'

ગુરુ કાંઈ બોલ્યા નહિ. શિષ્ય તો પોતાના પરાક્રમની વાત કરતો જ રહ્યો.

એની વાત પૂરી થઈ એટલે ગુરુએ કહ્યું: 'શાસ્ત્રમાં

કહ્યું છે કે સાધકે સિંહની પાસેથી પણ એક ગુણ શીખવા જેવો છે. અને એમાં પણ 'ભિક્ષાન્નં દેહિ' કરનારે પાંચમો ગુણ ખાસ શીખવા જેવો છે. એ પાંચમો ગુણ શું છે, એ ખબર છે?'

'શું છે?'

'સિંહનો પાંચમો ગુણ આ છે. જ્યાં પંજો માર્યો ને જે મળી ગયું તે પોતાનું ભોજન. પછી આ ભોજન નહિ ને આ, એવી કોઈ તૃષ્ણા જ નહિ. ભિક્ષુકે પણ ઘર ચૂંટીચૂંટીને ભિક્ષાન્ન માગવું એ નવો સંસાર ઊભો કરવા જેવું છે. જે પાંચ દસ ઘર પહેલાં હાથમાં આવી ગયાં તેમાં માગી લેવું. ભિક્ષાન્ન તો તમને સ્વાદ કેમ છૂટે, એની દિશા બતાવે. તે વિના તો ચૂંટી-ચૂંટીને તમે સારું ખાતાં શીખો ને છેવટે એ કંગાલનો રસ તમને સંસારના રસ કરતાં પણ વધારે મોટું બંધન આપે.

સિંહ પાસેથી આપણે શીખવાનો આ પાંચમો ગુણ છે.

શિષ્ય એ સાંભળીને પોતાની વાત પછી આગળ વધારતો બંધ થઈ ગયો. ને ભિક્ષાન્નની શાંતિ શામાં રહી છે એ પણ સમજી ગયો.

[ ૧૪ ]

# કોન્ફ્યુશ્યસનો લોકસંપર્ક

એક વખત ચીનનો વિદ્વાન કોન્ફ્યુશ્યસ એક જલધોધ તરફ જોઈ રહ્યો હતો. પાણી ઊંચેથી પડતું હતું. આગળ વધતો એનો પ્રવાહ એવો પ્રબળ જણાતો હતો કે, એમાં પગ મૂકવાની કોઈ હિંમત પણ ન કરે. કોન્ફ્યુશ્યસ એ જોઈ રહ્યો હતો. ત્યાં એક વૃદ્ધ માણસને એણે એ પ્રબળ પ્રવાહમાં પ્રવેશ કરતો અને આગળ જતો જોયો.

આ માણસ કોઈ મુશ્કેલીથી આપઘાત કરવા જાય છે કે શું, એવી એને શંકા થઈ. એમ માનીને કોન્ફ્યુશ્યસે એકદમ એક માણસને એની તરફ દોડાવ્યો. પણ પેલો માણસ તો એ પ્રબળ પ્રવાહમાં થઈને, જ, સો દોઢસો હાથ દૂર, એક તરફ બહાર નીકળી ગયો.

આ જોઈ ને કોન્ફ્યુશ્યસને વળી વધારે નવાઈ લાગી. તેણે તેની પાસે પહોંચી જઈને એને વાત કરવા માટે ઊભો રાખ્યો. કારણ કે કોન્ફ્યુશ્યસ જાણતો હતો કે લોક સાથે વાતો કરવી એ જરૂરી છે. રાજ તો ચાલે. લોકમાં ફરીને, એમની સાથે વાતો કરીને, સુશાસનની ચાવી શોધી કાઢવી અને પછી કાયદા કરવા.

કોન્ફ્યુશ્યસ એ માણસ પાસે પહોંચી ગયો અને તેને ઊભો રાખ્યો. તેની સાથે વાત કરવા લાગ્યો. કોન્ફ્યુશ્યસે એને પૂછ્યું : 'આ પ્રમાણે આવા પ્રબળ પાણીના પ્રવાહમાં જતાં તમને બીક ન લાગી? કે તમારી પાસે આને માટે કાંઈ જુક્તિ રહી છે? કે કોઈ જાદુ રહ્યું છે?'

પેલા માણસે જવાબ વાળ્યો : 'નાનપણથી જ મારે આ પ્રમાણે કામ કરવું પડતું હતું, ગરીબાઈને લીધે. એમાંથી આ ટેવ પડી ગઈ. અને પછી તો એ સિદ્ધિ થઈ ગઈ. આ પ્રમાણે પાણીના પ્રબળ પ્રવાહ સાથે કેમ કામ લેવું, એ જાણે મને કુદરતે જ શીખવાડી દીધું. પણ હું પાણીના પ્રવાહને માન આપીને, એની સાથે મારા શરીરના અવયવોનો મેળ મેળવી લઉં છું. કુદરતી બળને મારે વશ કરવાનો ખોટો પ્રયત્ન

કરતો નથી. કુદરતી આફતો સામે ટકવાનો પણ આ જ રસ્તો છે.'

'પણ તમે જ્યારે એમ કહ્યું કે હું આ વસ્તુને ટેવાઈ ગયો, કારણ કે મારે એમ કામ કરવું પડતું હતું. તો તમારી વાત જરા વિસ્તારથી મને સમજાવો.'

'એવું છે કે હું જન્મ્યો હતો તો તદ્દન સુક્કા પ્રદેશમાં. અને એ સુક્કા પ્રદેશને જ હું ટેવાયેલો હતો. પણ મારે કામ કરવું પડયું પાણી સાથે. અને હું પાણીને ટેવાઈ ગયો. એનો અર્થ એ કે કુદરત કહે છે, હું તો તમને, તમારી ગમે તેવી સ્થિતિ સાથે, મેળ મેળવી લેવાની હમેશાં તાલીમ આપું છું. સૌથી મહાનમાં મહાન વિદ્યાલય, માણસ માટે, કુદરત પોતે જ છે. એ વિદ્યાલયમાં માણસ શિક્ષણ લેતો નથી, ત્યાં સુધી એ આત્મવિશ્વાસ મેળવતો નથી. આ સાધન, તે સાધન એના વડે જીવન સમૃદ્ધ બને છે, એવી કૃત્રિમ વિચારસરણીમાં એ માનતો થઈ જાય છે. એટલે તમે પણ તમારી પ્રજાને પહેલાં કુદરત સાથે મેળ લેતાં શીખવાડો. પછી સાધનોની વિપુલતા સરજો. નહિતર થશે એવું કે, લોકો જરાક

વિપત્તિ પડશે, કે તમારા તરફ નજર માંડીને બેસશે. અને એમાંથી રસ્તો કાઢવાનું એ શીખશે જ નહિ.

કુદરતના મેળ સાથે મેળ મેળવનારો માણસ જ જીવન જીવી જાય છે, એ વાતને તમે વ્યાપક બનાવો. તો માણસો લેશ પણ પ્રયત્ન વિના. કુદરતી વસ્તુને ટેવાતા થશે.'

કોન્ફ્યુશ્યસને આ માણસની વાત આચારમાં મૂકવા જેવી લાગી. લોક સાદાઈથી જીવે તો જ આ થાય.

[૧૫]

# હમેશની વાતો

મોટી મોટી મનસંયમની વાત જવા દઈએ. મનને ઘડનારું આપણું મન, એક જરા જેટલી સામા માણસની મુશ્કેલી સમજવાનો પ્રયત્ન કરે, તો એ વાત પણ જેવી તેવી નથી.

એવી વાતો તો આપણા હંમેશના જીવનમાં આપણને હાલતે ને ચાલતાં મળે.

એવી નાની વાતો તો, સમાજજીવનના ઘરઘરમાં વ્યાપી ગયેલી રીત બતાવે છે. એ રીત જ ખરી રીતે આપણા નિત્યવ્યવહારને સરજે છે.

એક દિવસની વાત યાદ આવે છે. બપોરના બે વાગે એક મજૂર મળ્યો. અમદાવાદનો તડકો હતો. એને ખેંચવાનો ભાર પણ ઠીક હતો. એના ફરી ફરીને ટાંટિયા રહી ગયા હતા. એણે આવીને મારી સામે એક ચીથરા જેવો કાગળ ધર્યો. 'એ શા'બ ! આ ચીઠી મે'રબાન! જરાક વાંચો નેં. બે કલાક થયાં રખડું છું. પત્તો લાગતો

નથી. લખનારે કોણ જાણે કેવું લખ્યું છે!'

મેં ચિઠ્ઠી લીધી. એટલા તો ઝાંખા ને ગરબડિયા અક્ષર હતા કે ન પૂછો વાત. મજૂર થાકી ગયો હતો. રેંકડી ઉપર મેં દૃષ્ટિ કરી. એમાં લોઢાનો સામાન ભર્યો હતો. અને એની બૈરી પણ થાકીને કંટાળી ગઈ હતી. નીચે એક ખોયામાં છોકરું સૂતું હતું.

એક જરા જેટલા પ્રયત્નથી ચોખ્ખા અને સ્પષ્ટ, ઉકલી શકે તેવા અક્ષરો લખી શકાય. પરંતુ એટલો પ્રયત્ન પણ આ માણસની તકલીફ ઓછી કરવા માટે, કરવાની ઇચ્છા જ ન હોય તેમ, ચિઠ્ઠી ગમે તેમ લખીને આને આપી દીધી હતી. એ રખડીને ગોતી કાઢશે, ક્યાં મફત મજૂરી કરે છે? કેવળ આવી ભયંકર બેપરવાઈ ભરેલી, દોઢ સરકારના કારકુન જેવી ટેવ જ, આ અક્ષર માટે જવાબદાર હતી!

મેં મથામણ તો કરી જોઈ, પણ કાંઈ મોંમાથું સુઝે તેવું હતું જ નહિ. છેવટે મેં કંટાળીને કહ્યું: 'ભાઈ! મકાનનો સરસામાન છે ને આટલામાં જ ક્યાંક હશે! આગળ તપાસ કરો!'

'અરે શા'બ! તમારા જેવા ઉકેલી શકતા નથી,

આવી તે કેવી બોલી ?'

મેં કહ્યું: 'એ બોલી છે એવા વાહિયાત માણસો-ની જે બેઠા બેઠા સરકારી તુમારતંત્રની નિંદા કરતા ધરાતા જ નથી. પોતે પણ એવા જ છે, એ વાત સમ-જણ એમને મળી જ નથી!'

એ સમજ્યો કે નહિ, એ ભગવાન જાણે, પણ એ બીજે તપાસ કરવા ગયો

વાત કેટલી નાની હતી? એક જરાક જ કાળજી કેટલી બધી ખોટી મહેનત બચાવે તેમ હતી? પણ... સમાજજીવનના થરથરમાં વ્યાપી ગયેલી, અવ્યવસ્થિત રહેવાની જીવવાની ટેવ જ, આને માટે જવાબદાર છે!

હજી આ મજૂર ગયાને માંડ પાંચ મિનિટ થઈ હશે, ત્યાં એક બીજો મજૂર દેખાયો. એને માથે ભાર હતો. પરસેવે રેબઝેબ એ મારી પાસે આવ્યો. એક ચીઠી સામે ધરી. મારા મનને થયું આંહીં ચીઠીઓ વંચાય છે એવું કોઈ કે જાહેરનામું તો નહિ આપ્યું હોય!

પણ એ મજૂરે તો આવીને કહ્યું, 'લ્યો શા'બ તમારો ડબો છે, લઈ લ્યો!'

એટલે મારે ચિઠ્ઠી જોવી જ પડી. ચિઠ્ઠી જોઇને એક સ્થળ બતાવ્યું, એટલે એ ત્યાં ગયો. પણ લખનારે એને

રસ્તો એવો બતાવ્યો હતો કે એ પણ રખડે તો જ પત્તો ખાય.

પણ હજી આ ભાઈ બે–ચાર ડગલાં જ ગયા હશે, ત્યાં એક ભાઈ આવ્યા. એ મને ઓળખતા હતા ને પોતે ક્યાંક નોકર હતા. એમણે મારી સામે એક અરજી ધરી. 'સા'બ આ જુઓ ને, મેં લખાવી છે, તે બરાબર છે ?'


અરજી અંગ્રેજીમાં હતી. મેં વાંચીને એને કહ્યું '.બરાબર છે. કોને દેવી છે ?'


એણે સા'બનું નામ દીધું. મેં પૂછ્યું, 'પણ અરજી ગુજરાતીમાં દેવી હતી ના ? ગુજરાતી તો તમને આવડે છે !'

એણે કહ્યું : 'પણ સા'બ ! સા'બ ગુજરાતી જાણતા નથી. એટલે કારકુને જ કહ્યું કે અંગ્રેજીમાં આપીશ, તો સા'બ પોતે ઝટ વાંચશે !'

પોતે જે પ્રાંતમાં આવ્યા છે, તે પ્રાંતની ભાષા જાણવાની પોતાની ફરજ છે, એમ મોટા સા'બને કોણ કહેવા જાય ? સા'બ એને જવાબ આપે પણ ખરા ?

ફરજ માટે જરા જેટલી મહેનત લેવી નથી, એનું આ ઉદાહરણ છે.






ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય

પ્રકાશક વ વિક્રેતા

ગાધી રસ્તા અમદાવાદ.